આજનો સુવિચાર
ઈર્ષા, લોભ, ક્રોધ અને કઠોર વચન, આ ચાર વસ્તુ થી હમેશા દૂર રહેવું તેનું નામ જ જીવન!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૩૦ જૂનાગઢ તા.૧૧-૦૯-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 230, Junagadh : Date : 11 September, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## અમેરીકાથી રાહુલનો વધુ એક પ્રહાર : ચીને લદાખમાં દિલ્હી જેટલી જમીન પચાવી પાડી છે



વોશીંગ્ટન, તા.૧૧: કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી હાલમાં અમેરિકાના પ્રવાસે છે અને તેઓ ત્યાંથી પણ ભાજપ અને મોદી સરકાર પર આક્રમક પ્રહાર કરી રહ્યા છે. રાહુલે કહ્યું કે ચીને લદાખમાં એક દિલ્હી જેટલી જમીન પચાવી પાડી છે ત્યારે કેન્દ્રમાં સત્તાધારી ભાજપ અને મોદી સરકારે તેનું કંઈ જ બગાડી શકી નથી. વડાપ્રધાન મોદી આ મામલાને સારી રીતે હેન્ડલ જ નથી કરી શકયા.

વોશિંગ્ટન ડીસીમાં નેશનલ પ્રેસ ક્લબમાં રાહુલ ગાંધીએ કહ્યું કે ચીનના સૈનિકોએ લદાખમાં એક દિલ્હી જેટલી જમીન પચાવી પાડી છે. મને લાગે છે કે આ એક આફત જ છે. મીડિયા તેના વિશે લખતું નથી. જો કોઈ પાડોશી દેશ અમેરિકાની ૪૦૦૦ ચો.કિ.મી. જેટલી જમીન પર કબજો કરી લે તો અમેરિકા શું કરશે? શું કોઈ રાષ્ટ્રપતિ એવું કહીને બચી જશે કે અમે આ સ્થિતિને સારી રીતે સંભાળી છે એટલા માટે જ મને નથી લાગતું કે નરેન્દ્ર મોદીએ ચીનને સારી રીતે હેન્ડલ કર્યો છે. મને એવું કોઈ કારણ દેખાતું નથી કે ચીનના સૈનિકો અમારા ક્ષેત્રમાં કેમ બેઠા છે આ એક આફત જ છે.

ઉલ્લેખનીય છે કે ગત વર્ષોમાં આ પ્રકારનો આરોપ લગાવતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર લદાખમાં ભારત ચીન સરહદની સ્થિતિ અંગે જુઠ્ઠાણું ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ફરી કહ્યું હતું કે ચીને ભારતનો ક્ષેત્ર છીનવી લીધો છે અને તેના પર કબજો જમાવી લીધો છે.

## પાકિસ્તાને કાશ્મીર સરહદ સળગાવી : ગત મધ્યરાત્રીનાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યુ : સામ સામા ગોળીબાર



જમ્મુ તા. ૧૧ : પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ અને કાશ્મીરના અખનૂરમાં સરહદ પર ગત મધ્યરાત્રીનાં ૨.૪૫ કલાકે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું. જવાબમાં બીએસએફના જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. આ ફાયરિંગમાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો છે. બીએસએફના પ્રવક્તાએ કહ્યું કે જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનને કેટલું નુકસાન થયું તે હજુ જાણી શકાયું નથી. આ ઘટના બાદ બીએસએફના જવાનો સરહદ પર કડક ચાંપતી નજર રાખી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં ૧૮ સપ્ટેમ્બરે યોજાનાર પ્રથમ તબક્કાના મતદાનના ૭ દિવસ પહેલા સીઝફાયરનું ઉલ્લંઘન થયું છે. જેના કારણે બીએસએફના જવાનોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ યુદ્ધવિરામ કરારનું નવીકરણ કરવામાં આવ્યું હતું.

આ પછી પાકિસ્તાને ૪ વખત તેનું ઉલ્લંઘન કર્યું છે. છેલ્લી ફાયરિંગ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ જમ્મુના મકવાલમાં થઈ હતી.

## ગતરાત્રીનાં ભરૂચમાં ધાર્મિક ઝંડા લગાવવા બાબતે કોમી તંગદીલી : પથ્થરમારો, તોડફોડ : લોખંડી બંદોબસ્ત તૈનાત



ભરૂચ તા. ૧૧ :

સુરતમાં ગણેશ પંડાલ પર પથ્થરમારાની ઘટના બાદ વધુ એક કોમી ઘર્ષણના અહેવાલો છે. આ વખતે ભરૂચમાં બે સમુદાયના લોકો વચ્ચે મોડી રાત્રે અથડામણ થઈ હતી. ઉલ્લેખનીય છે કે આવનારા દિવસોમાં બે મોટા તહેવાર એકસાથે આવી રહ્યા છે જેની ઉજવણીની તૈયારીઓ વચ્ચે આ બબાલ થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ભરૂચમાં બે જૂથના ટોળા સામસામે આવ્યા હતા. ધાર્મિક તહેવારો બાબતે ઝંડા લગાવવા તકરાર બાદ મામલો વધારે ગંભીર બન્યો હતો. જેને લઈ બંને ટોળાએ એકબીજા પર પથ્થરમારો કર્યો હતો. ભરૂચના બી ડિવિઝન પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં જ આ ઘટના બની હતી. જોકે સમગ્ર ઘટનાની જાણ પોલીસ વિભાગને થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ધાર્મિક તહેવારોને લઈ ઝંડા લગાવવાની તકરારમાં મામલો બીચકતા ટોળાએ પથ્થરમારો કર્યો હતો. જેમાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારે સમગ્ર ઘટનાને લઈ પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં ભરૂચ પોલીસ દ્વારા કેટલાક શખ્સોને ડીટેઈન કરવામાં આવ્યા છે.

### ગુજરાત સરકારે ઈમ્પેકટ ફીનાં નવા દરો જાહેર કર્યા

## રાજયનાં ૮ મોટા શહેરોમાં ૪૨ ટકા ઈમારતો અને ૧૫૬ નગરપાલીકાઓમાં ૮૭ ટકા ઈમારતો પાસે બીયુ પરમીશન નથી

અમદાવાદ, તા.૧૧: ગુજરાત સરકારે ગેરકાયદે બાંધકામોને કાયદેસર કરવા માટે ઈમ્પેકટ ફીના દરો જાહેર કર્યા છે. જે ભરીને કોઈ પણ પોતાનું ગેરકાયદે બાંધકામ નિયમિત કરી શકશે. મહત્વપૂર્ણ પગલામાં, ગુજરાત રાજ્ય સરકારે ઈમ્પેક્ટ ફી લાદીને ગેરકાયદે પાંર્કિંગની જગ્યાઓને કાયદેસર બનાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય મકાન માલિકોને રાહત આપશે, ખાસ કરીને કોર્મશિયલ સંકુલો કે જેમણે બેઝમેન્ટ પાર્કિંગ વિસ્તારોને દુકાનો અને ઓફિસોમાં રૂપાંતરિત કર્યા છે.

ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ બિલ-૨૦૨૨ પાર્કિંગ હેતુઓ માટે ઈમ્પેક્ટ ફી માળખાની રૂપરેખા આપે છે. રહેણાંક વિસ્તારો માટે, ૨૦૦ ચોરસ મીટર સુધીના ગેરકાયદે પાર્કિંગ માટે ચક્રવૃદ્ધિ ફી રૂા. ૫,૦૦૦ પ્રતિ ચોરસ મીટર છે, જ્યારે વ્યાપારી વિસ્તારો માટે, તે પ્રતિ ચોરસ મીટર રૂ. ૧૦,૦૦૦ના દરે બમણી છે.

૨૦૦ થી ૫૦૦ ચોરસ મીટર વચ્ચેના વિસ્તારો માટે, રેસિડેન્શીયલ માટે દર ચોરસ મીટર દીઠ રૂ. ૬,૦૦૦ અને કોમર્શિયલ માટે રૂ. ૧૫,૦૦૦ પ્રતિ ચોરસ મીટર છે. ૫૦૦ ચોરસ મીટરથી વધુની ગેરકાયદેસર પાર્કીંગની જગ્યાઓ માટે, રહેણાંક માટે પ્રતિ ચોરસ મીટર રૂ. ૭,૫૦૦ અને કોમર્શિયલ માટે રૂ. ૨૦,૦૦૦ પ્રતિ ચોરસ મીટર છે.

અગાઉ પાર્કીંગ વિસ્તારોમાં ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરી હતી પરંતુ તેણે આ પગલાંનો સતત અમલ કર્યો નથી. નવી જોગવાઈઓ આ માળખાને કાયદેસર બનાવશે. ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ ડિસેમ્બર ૨૦૨૨ માં રાજ્યની વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. સરકારે બિલ રજૂ કર્યું હતું, જેમાં નોંધ્યું હતું કે એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે આઠ મોટા શહેરોમાં લગભગ ૪૨% ઈમારતો અને ૧૫૬ નગરપાલિકાઓમાં ૮૭% ઈમારતોમાં ફરજિયાત 'બિલ્ડિંગ ઉપયોગ' અથવા BU પરવાનગીનો અભાવ છે.

## લખપત - અબડાસા તાલુકામાં ભેદી બિમારીએ ૬ દિવસમાં ૧૫ લોકોનાં ભોગ લેતા હાહાકાર : આરોગ્ય તંત્રમાં દોડધામ

કચ્છ તા. ૧૧

ચાંદીપુરા બાદ હવે રાજ્યમાં એક ભેદી બીમારી માથું ઊંચકવા લાગી છે. કચ્છના લખપત અને અબડાસા તાલુકામાં ૬ દિવસમાં ૧૫ લોકોના શંકાસ્પદ મોત થતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. તાવ, શરદી-ઉધરસ ને થોડા જ કલાકોમાં ન્યુમોનિયા, શ્વાસ લેવાની તકલીફ અને મલ્ટિ ઓર્ગન ફેલ્યોર બાદ દર્દીનું મોત નીપજે છે. જો કે ૬ દિવસ છતાં મોત રોકવાનું તો દૂર આરોગ્ય વિભાગ બીમારી પણ પકડી શકતું નથી.

ગંભીર બીમારીથી ચિંતામાં મકાયેલા લખપત તાલુકાના દયાપર, ભેખડા, મીંઢિયારીયા ગામોનો સમાવેશ થાય છે. પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. એક પરિવારમાંથી તો ત્રણ-ત્રણ જુવાનજોધ દીકરાના મૃત્યુ થઈ ગયા છે. ભેખડા ગામની સ્થિતિ ખુબ જ ખરાબ છે. ત્રણ ત્રણ યુવાનોના મોત થયા છે. નાના એવા ગામમાં અને મૃતકના પરિવારજો પર આભ ફાટી પડ્યું છે. કમાનારા ત્રણ-ત્રણ યુવાનોના મોત થતાં પરિવારની હાલત ખુબ જ ખરાબ થઈ ગઈ છે. એક જ ગામના પાંચ લોકોના ભેદી રોગથી મોત થયા છે. ગામના સરપંચ રમઝાન જતએ જણાવ્યું કે, અમારા ગામની વસ્તી ૮૦૦ થી ૧૦૦૦ લોકોની છે. ગામનો લોકોનો મુખ્ય વ્યવયાય પશુપાલનની છે. આ બીમારીમાં અમારા ગામમાં ૫ લોકોના મોત થયા છે. અમે આવી બીમારી આની પહેલાં ક્યારેય નથી જોઈ. આરોગ્યની ટીમ તપાસ કરે છે અને સેમ્પલ લઈને આગળ મોકલે છે, બીમારીનું સાચુ સેમ્પલ આવ્યા બાદ જ જાણી શકાશે.

### અમેરીકાનાં રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં

## ડોનાલ્ડ ટ્રમ્પ - કમલા હેરિસ વચ્ચે પ્રથમ પ્રેસેડેન્સિયલ ડિબેટ યોજાઈ : એકબીજા પર તિવ્ર પ્રહારો



વોશિંગ્ટન તા. ૧૧ : અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને આડે બે મહિનાથી પણ ઓછો સમય બાકી છે. પરંતુ અમેરિકન ચૂંટણીની દષ્ટિએ આજનો દિવસ મહત્વનો છે. રિપબ્લીકન પાર્ટી અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવારો ડોનાલ્ડ ટ્રમ્પ અને કમલા હેરિસ વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી. જેમાં એકબીજા પર તિવ્ર પ્રહારો કર્યા હતા. આ ચર્ચા પર અમેરિકા સહિત સમગ્ર વિશ્વની નજર હતી. ચર્ચા દરમિયાન, ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસે રિપબલિકન ડોનાલ્ડ ટ્રમ્પના ટેક્સ કટ પર ઉગ્રતાથી નિશાન સાધ્યું હતું. કમલા હેરિસે કહ્યું કે જો ટ્રમ્પ જીતશે તો તેઓ અબજોપતિઓ અને મોટી કંપનીઓ માટે ટેક્સમાં ઘટાડો કરીને તેમની જૂની પદ્ધતિઓનું પુનરાવર્તન કરશે. કમલા હેરિસે ચેતવણી આપી હતી કે અમેરિકન લોકોએ આવશ્યક વસ્તુઓ પર પણ 'ટ્રમ્પ સેલ્સ ટેક્સ' ચૂકવવો પડશે. કમલાનું માનીએ તો આનાથી લોકોના રોજીંદા ખર્ચાઓનો બોજ વધી જશે. સાથે જ ટ્રમ્પે વિદેશથી આવતા સામાન પર ટેક્સ લગાવવાનું વચન આપ્યું હતું. તેમણે કહ્યું કે આ સાથે અન્ય દેશો આખરે અમેરિકાને તેના યોગદાન માટે ચૂકવણી કરશે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે દેશવ્યાપી વેચાણ વેરો લાગુ કરવાના કોઈપણ ઈરાદાને નકારી કાઢ્યો હતો

સ્લીપર કોચ બસ દ્વારા
ચાલો હરિદ્વાર
ગોકુલ, મથુરા
રહેવા તથા જમવાની સગવડતા સાથે દિવસ-૧૨
તા. ૧૬-૦૯-૨૦૨૪નાં અવશ્ય ઉપડશે
અશ્વિનભાઈ પટેલ
જૂનાગઢ
મો. ૯૭૨૫૭ ૮૫૭૨૭

મકાન વેચવાનું છે
ત્રણ માળનું, કાટખુણાનું,
નીચે ત્રણ દુકાન અને ગોડાઉન
અનંત ધર્માલયની સામે,
માંગનાથ રોડ, જૂનાગઢ
દલાલભાઈ આવકાર્ય
સંપર્ક : ૯૪૨૮૪ ૪૧૪૨૭

હાર્દિક શુભેચ્છા...
Harshal Mataria Mo. 99251 99048
99251 99002

MAX
Health & Beveragess
PACKED
DRINKING WATER
મેક્સ હેલ્થ એન્ડ બેવરેજી
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો
સોપારીનું કટીંગ ફકત ૨૫૦
ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

હાર્દિક શુભેચ્છા...
ભરતભાઈ ભીંડી
૯૮૨૫૦ ૬૬૧૪૧
K.D. BHINDI JEWELLERS


સાંઈબાબા મંદિર સામે,
ઝાંઝરડા રોડ, જૂનાગઢ

સેલ... સેલ...સેલ...સેલ...સેલ...


vinayak EXHIBITION
FASHION • STYLE • LUXURY • DECOR
11 & 12
WEDNESDAY THURSDAY
SEPTEMBER - 2024
ઘેડીયા કોળી સમાજ સેવા ટ્રસ્ટ
શાકમાર્કેટ મેઈન રોડ, જોષીપરા,
જૂનાગઢ
CONTACT ANANDI : +91 94294 32229
/vinayak_exhibition શેર કરો અને મેળવો ફ્રી એન્ટ્રી

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ,
૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


### વિકસિત ભારત @૨૦૪૭ના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાતનું આગવું કદમ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેસન' ગ્રિટની રચના કરવામાં આવી

**વિકસિત ગુજરાત @૨૦૪૭ - ડોક્યુમેન્ટનાં લક્ષ્યો સિદ્ધ કરવા માટે 'ગ્રિટ' લાંબા અને ટૂંકાગાળાના ધ્યેય વ્યુહાત્મક યોજનાઓની રચનામાં થિંક ટેક્રની ભૂમિકા નિભાવશે : નાણામંત્રી ગવર્નિંગ બોડીના ઉપાધ્યક્ષ અને કૃષિ, આરોગ્ય, શિક્ષણ તથા ઊદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રીઓ, મુખ્યમંત્રીના મુખ્યસલાહકાર, મુખ્યસચિવ સહિત ૧૫ જેટલા સેક્ટર એક્સપર્ટ્સ સભ્ય તરીકે સેવાઓ આપશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત @૨૦૪૭ સંકલ્પને વિકસિત ગુજરાત @૨૦૪૭થી સાકાર કરવા ગુજરાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આગવું કદમ ભર્યુ છે. નીતિ આયોગની પેટર્ન ઉપર 'ગ્રિટ'-ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશનની રચના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષપદે કરવામાં આવી છે. વિકસિત ભારત @૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના ધ્યેયમંત્ર સાથે રાજ્ય સરકારે વિકસિત ગુજરાત @૨૦૪૭નો ડાયનેમિક વિઝન ડોક્યુમેન્ટ- રોડમેપ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં તૈયાર કરેલો છે. આ વિઝન ડોક્યુમેન્ટમાં દર્શાવાયેલા ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના લક્ષ્યો ધ્યાને લઈને વ્યુહાત્મક યોજનાઓની રચના માટે 'ગ્રિટ' થિંક-ટેક્ર તરીકે માર્ગદર્શન અને નેતૃત્વ પૂરૂ પાડશે. 'ગ્રિટ'ની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી રહેશે. તેમ જ ઉપાધ્યક્ષ તરીકે નાણાંમંત્રી અને સભ્યો તરીકે કૃષિ, આરોગ્ય, શિક્ષણ તેમ જ ઉદ્યોગ વિભાગના મંત્રીશ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગવર્નિંગ બોડીના અન્ય સભ્યોમાં મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર, મુખ્યસચિવ નાણાં અને આયોજન વિભાગના અધિક મુખ્ય સચિવ કે અગ્ર સચિવ તેમજ કૃષિ, નાણાં અને આર્થિક બાબતો, ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓ અને આરોગ્ય તથા પોષણ, કૌશલ્યવર્ધન અને રોજગાર તથા શિક્ષણ, વગેરે ક્ષેત્રોના રાજ્ય સરકાર દ્વારા નોમીનેટ કરવામાં આવે તેવા તજજ્ઞો રહેશે. 'ગ્રિટ'ની આ ગવર્નિંગ બોડીના સભ્ય સચિવ તરીકે નિવૃત્ત કે સેવારત અધિક મુખ્ય સચિવ કક્ષાના અધિકારી ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર રહેશે. આ ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરની નિમણુંક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન-'ગ્રિટ'ના કાર્યક્ષેત્રમાં જે બાબતો, વિષયોને આવરી લેવામાં આવ્યા છે, તેમાં પાંચ ટ્રિલિયન યુ.એસ. ડોલરની ઈકોનોમી બનવા માટે ટાસ્ક ફોર્સ કમિટીએ કરેલી ભલામણોના અમલીકરણની સમીક્ષા. ઉદ્યોગ, કૃષિ, રોકાણ, નિકાસ, વગેરે ક્ષેત્રોના વિકાસથી રાજ્યના સંતુલિત આર્થિક વિકાસની વૃદ્ધિ પર દેખરેખ રાખીને ભલામણો કરવી. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોની સમીક્ષા, મૂલ્યાંકન, સુપરવિઝન અને વિકસિત ગુજરાત એટ ૨૦૪૭ ડોક્યુમેન્ટના લાંબા ગાળાના વિઝનને અનુરૂપ આવશ્યક ભલામણો કરવા સાથે સુધારણાનાં ક્ષેત્રોને પ્રાથમિકતા આપવી. રાજ્યના વિઝન ડોક્યુમેન્ટની પ્રાથમિકતાઓને સુસંગત નીતિ ઘડતર અને નિર્ણયો માટે ગુડ ગવર્નન્સ – સુશાસનને પ્રોત્સાહન આપવું. લાંબા ગાળાના સર્વગ્રાહી વિકાસ માટે થ્રસ્ટ એરિયાની ભલામણો કરવી. રાજ્ય સરકારના વિભાગો, ભારત સરકાર, નીતિ આયોગ, તથા નાગરિક સમાજ અને અન્ય સ્ટેકહોલ્ડર્સ વચ્ચે સંકલનને પ્રોત્સાહિત કરીને વિકાસ માટે નવા પગલાંઓ સૂચવવાં. રાજ્યના બહુઆયામી વિકાસ માટે ભલામણો કરવી તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ નીતિઓ અને શ્રેષ્ઠ પ્રથાઓની સમીક્ષા કરવી. ક્રોસ સેક્ટરલ પાર્ટનરશીપ, ડોમિન નોલેજ સપોર્ટ અને કેપિસિટી બિલ્ડિંગ પ્રોગ્રામ્સ માટે અગ્રણી સંસ્થાઓનો સહયોગ લેવો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ઈન્ટરનેટ ઓફ થિન્ગ્સ, રોબિટિક્સ, જી.આઈ.એસ., ડ્રોન ટેક્નોલોજી, બ્લોકચેઈન, જેવા ઈનોવેટિવ પ્રોગ્રામ્સ અને ટેક્નોલોજીને પ્રોત્સાહિત કરવા. રાજ્ય સરકારને એસેટ્સ મોનિટાઈઝેશન, ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યુશન, સી.એસ.આર. ટ્રસ્ટ ફંડ્સ અને અન્ય સ્રોતો દ્વારા રાજ્યના વિકાસ માટેનાં નાણાકીય સંસાધનો એકત્રિત કરવા મેકેનિઝમ ઊભું કરવાની ભલામણો કરવી. 'ગ્રિટ'ના આ કાર્યક્ષેત્રના અસરકારક અમલીકરણ માટે ગવર્નિંગ બોડી તથા રોજબરોજના કામકાજ માટે એક્ઝિક્યુટીવ કમીટીની રચના કરવામાં આવશે. ગવર્નિંગ બોડીનાં સૂચનો અને 'ગ્રિટ'ના નિર્ણયોના અમલીકરણ તેમ જ રોજબરોજના કામકાજ માટે ૧૦ સભ્યોની એક્ઝિક્યુટિવ કમિટી કાર્યરત રહેશે. આ કમિટીના ચેરમેન તરીકે 'ગ્રિટ'ના સી.ઈ.ઓ. અને કન્વિનર તરીકે સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગના સચિવ રહેશે.

'ગ્રિટ'ની ગવર્નિંગ બોડીની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી એકવાર અને ગવર્નિંગ બોડીના ચેરમેનને જ્યારે પણ જરૂરિયાત જણાય ત્યારે યોજવાની રહેશે. એક્ઝિક્યુટિવ કમિટીની બેઠક વર્ષમાં દર ત્રણ મહિને એકવાર યોજવાની રહેશે. 'ગ્રિટ'ની રચના અને તેના કાર્યક્ષેત્ર અંગેના વિધિવત ઠરાવ સામાન્ય વહીવટ વિભાગ-આયોજન પ્રભાગ દ્વારા જારી કરવામાં આવશે.

# અતિરેક વરસાદને લીધે દિવેલાના ઊભા પાકમાં સંકલિત રોગને નિયંત્રણમાં લેવાના પગલાં

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૧

રાજકોટ જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખા દ્વારા અતિરેક વરસાદને લીધે દિવેલાના ઊભા પાકમાં થતા સંકલિત રોગ નિયંત્રણ માટે લેવાના પગલાં સૂચવવામાં આવ્યા છે. જે મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં મૂળખાઈ રોગના અસરકારક નિયંત્રણ માટે ૧ હેક્ટરમાં ૫૦૦ કિ.ગ્રા. લીંબોળી કે રાયડાના ખોળ સાથે ૫ કિ.ગ્રા. ટ્રાયકોડમાં હરજીયાનમ પાવડર ભેળવી ચાસમાં આપવાની ભલામણ છે. (ટ્રાયકોડમાં મેળવવા માટે નજીકની કૃષિ યુનિવર્સીટી અથવા કે.વી.કે. અથવા જૈવિક નિયંત્રણ પ્રયોગશાળાનો સંપર્ક / મુલાકાત કરવી.) ભાદરવા માસના ઓતરા ચીતરાના તાપમાં મૂળના કોહવારા રોગની તિવ્રતા વધુ જોવા મળતી હોવાથી આ માસમાં ભેજની તંગી અને ગરમી વધુ હોય ત્યારે પાકને જરૂરિયાત મુજબ રાત્રે પિયત આપવું અને પાણીની ખેંચ પડવા દેવી નહીં. આ રોગના રાસાયણિક નિયંત્રણ માટે કોઈપણ તાંબાયુક્ત દવા (૩૦ ગ્રામ કોપર ઓક્ઝીક્લોરાઈડને ૧૦ લિટર પાણીમાં ઓગાળી) અસરગ્રસ્ત છોડની આજુબાજુ આપીને ખુરપી વડે ગોડ કરવો તેમજ વધુ રોગવાળા છોડને ખેતરમાંથી મૂળ સાથે ઉખાડી બાળીને નાશ કરવો જોઈએ. ઝાળ (ઓલ્ટરનેરિયા બ્લાઈટ) અને પાનના ટપકાના રોગની શરૂઆત થતા ૨૫ ગ્રામ મેક્રોઝેબ ૭૫% વેટેબલ પાવડર અથવા ૪૦ ગ્રામ તાંબાયુક્ત કોપર ઓક્ઝીક્લોરાઈડ (૫૦% વેટેબલ પાવડર)ને ૧૦ લિટર પાણીમાં ઓગાળી પાન ઉપર છંટકાવ કરવો જોઈએ. આ રોગ ભેજવાળા વાતાવરણમાં વધુ ઉગ્ર બનતો હોવાથી આ પરિસ્થિતિમાં બેથી ત્રણ છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવા જોઈએ. જીવાણુથી થતા પાનના ટપકાના રોગની શરૂઆત થાય કે તરત જ ૧ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયક્લિન ૧૦ લિટર પાણીમાં અથવા ૨.૫ ગ્રામ પૌષામાઈસીન ૧૦ લિટર પાણીના દ્રાવણનો છોડ ઉપર છંટકાવ કરવો જોઈએ. ચોમાસામાં ઝરમર ઝરમર વરસાદ સતત પડતો હોય ત્યારે રોગની તીવ્રતા વધુ રહેતી હોય છે, આવી પરિસ્થિતિમાં બીજો છંટકાવ ૧૫ દિવસે કરવો જોઈએ. ગ્રે મોલ્ડ રોગની શરૂઆત થાય ત્યારે ૧૦ મિ.લિ. પ્રોપીકોનાજોલ અથવા ૧૦ ગ્રામ કાર્બેન્ડેઝીમને ૧૦ લિટર પાણીમાં ઓગાળીને છંટકાવ કરવો જોઈએ. દિવેલાના પાકમાં રેનીફોર્મ કૃમિનો ઉપદ્રવ ઘટાડવા માટે પાકમાં રીંગ કરી ખાતર સાથે ૩૩ કિ.ગ્રા. કાર્બોફ્યુરાન ૩% દાણાદાર ૧ હેક્ટર પ્રમાણે આપવું જોઈએ. વધુમાં, દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલા લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવી અને અનુસરવી જોઈએ. આ અંગે વધુ જાણકારી નજીકના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / ખેતી અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક / જિલ્લા ખેતીવાડી અધિકારી / નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) / નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવો જોઈએ, તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી તૃપ્તિ પટેલની યાદીમાં જણાવાયું છે.

# શ્રાદ્ધની સંપૂર્ણ વિગત

આ વર્ષે શ્રાદ્ધ પક્ષની શરૂઆત તારીખ ૧૮ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ વર્ષે પૂનમના દિવસે એકમ તિથીનો ક્ષય છે આથી પૂનમના દિવસે એકમ તિથિનું શ્રાદ્ધ છે. લોકો રિવાજ પ્રમાણે પૂનમ તિથિનો શ્રાદ્ધ પૂનમના દિવસે કરતા હોય છે પરંતુ આ વર્ષે ૧૮ સપ્ટેમ્બર બુધવારે સવાર ૮:૦૪ કલાક સુધી જ પૂનમ તિથિ છે. આથી પૂનમ તિથીનું શ્રાદ્ધ નિયમ પ્રમાણે પંચાંગ પ્રમાણે અમાસના દિવસે જ કરવું યોગ્ય ગણાશે.

તે ઉપરાંત જોઈએ તો શ્રાદ્ધમાં મૂળભૂત ગ્રંથોના નિયમ પ્રમાણે ખાસ કરીને અપરાહન કાળનો સમય લેવામાં આવે છે. એટલે કે આશરે બપોરે બેથી ચાર કલાક વચ્ચે સમય અપરાહન કાળનો હોય છે. આથી ખાસ કરીને આ સમયે જે તિથી હોય તે તિથી શ્રાદ્ધની ગણવામાં આવે છે. આમ આના કારણે શ્રાદ્ધમાં ઘણીવાર તીથી આગળ પાછળ હોય છે.

(૧) ભાદરવા શુદ પૂનમ બુધવાર તા.૧૮-૯-૨૪ એકમ તિથિનું શ્રાદ્ધ, (૨) ભાદરવા વદ બીજ ગુરૂવાર તા.૧૯-૯-૨૪ બીજ તિથિનું શ્રાદ્ધ, (૩) ભાદરવા વદ ત્રીજ શુક્રવાર તા.૨૦-૯-૨૪ ત્રીજ તિથિનું શ્રાદ્ધ, (૪) ભાદરવા વદ ચોથ શનીવાર તા.૨૧-૯-૨૪ ચોથ તીથીનું શ્રાદ્ધ ભરણી નક્ષત્ર શ્રાદ્ધ, (૫) ભાદરવા વદ પાંચમ રવિવાર તા.૨૨-૯-૨૪ પાંચમ તિથીનું તથા છઠ્ઠ તિથિનું શ્રાદ્ધ, (૬) ભાદરવા વદ છઠ્ઠ સોમવાર તા.૨૩-૯-૨૪ સાતમ તીથીનું શ્રાદ્ધ, (૭) ભાદરવા વદ સાતમ મંગળવાર તા.૨૪-૯-૨૪ આઠમ તિથિનું શ્રાદ્ધ, (૮) ભાદરવા વદ આઠમ બુધવાર તા.૨૫-૯-૨૪ નોમ તિથિનું શ્રાદ્ધ સૌભાગ્યવતીનું શ્રાદ્ધ, (૯) ભાદરવા વદ નોમ ગુરૂવાર તા.૨૬-૯-૨૪ દશમ તિથિનું શ્રાદ્ધ, (૧૦) ભાદરવા વદ દસમ શુક્રવાર તા.૨૭-૯-૨૪ એકાદશી તિથિનું શ્રાદ્ધ, (૧૧) ભાદરવા વદ અગિયારશ શનીવાર તા.૨૮-૯-૨૪ ઈન્દિરા એકાદશી આ દિવસે શ્રાદ્ધ નથી, (૧૨) ભાદરવા વદ બારસ રવિવાર તા.૨૯-૯-૨૪ બરસ તીથીનું શ્રાદ્ધ, (૧૩) ભાદરવા વદ તેરસ સોમવાર તા.૩૦-૯-૨૪ તેરસ તીથીનું શ્રાદ્ધ, (૧૪) ભાદરવા વદ ચૌદસ મંગળવાર તા.૧-૧૦-૨૪ ચૌદસ તીથીનું શ્રાદ્ધ તથા અસ્ત્ર શસ્ત્રથી અકસ્માતથી મૃત્યું પામેલાનું શ્રાદ્ધ, (૧૫) ભાદરવા વદ અમાસ બુધવાર તા.૨-૧૦-૨૪ અમાસ તિથિનું શ્રાદ્ધ પૂનમ તીથીનું શ્રાદ્ધ જેની તિથિનો ખબર હોય તેનું શ્રાદ્ધ. આ વિગત એકદમ ચોકસાઈ પૂર્વક તથા પંચાગના નિયમ પ્રમાણે તૈયાર કરેલ છે. તારીખ સામે શ્રાધ લખેલું હોય તે પ્રમાણે કરવું આ વર્ષે નિયમ પ્રમાણે પૂનમ તિથિનું શ્રાદ્ધ અમાસના દિવસે કરવાનું છે. નિયમ પ્રમાણે પૂનમનું શ્રાદ્ધ અમાસના દિવસે થાય છે. એક કહેવત પ્રમાણે શ્રાદ્ધ ઘટે તે સારૂ ગણાય છે. આ વર્ષે એકમ તિથિનો ક્ષય છે આથી શ્રાદ્ધ ઘટે છે એટલે સારૂ ગણાય.

**- જ્યોતિષી રાજદીપ જોશી**

# ભારતીય સમાજ સુધારક અને ભૂદાન ચળવળના પ્રણેતા વિનોબા ભાવેની પુણ્ય તીથી

ભારતીય સમાજ સુધારક અને ભૂદાન ચળવળના પ્રણેતા વિનોબા ભાવેનો જન્મ ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૫ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના કોંકણ ક્ષેત્રમાં આવેલું ગાગોડા ગામમાં થયો હતો.

આચાર્ય વિનોબા ભાવેનું મૂળનામ વિનાયક નરહરી ભાવે હતું. તેમને ભારતના રાષ્ટ્રીય અધ્યાપક અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી માનવામાં આવે છે. વિનોબા ભાવેએ મહાત્મા ગાંધીજીને પોતાના ગુરૂ માની લીધા હતા કારણ કે તેઓ ગાંધીજીના રાજનૈતિક અને આધ્યાત્મિક વિચારોથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. આચાર્ય વિનોબા ભાવે દ્વારા ભૂદાન ચળવળ શરૂ કરવામાં આવ્યું હતું.

જે એક સ્વૈચ્છિક જમીન સુધારણા આંદોલન હતું. ૮ વર્ષ ૧૯૮૩માં તેમને ભારત સરકાર દ્વારા 'ભારત રત્ન'(મરણોત્તર)થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વર્ષ ૧૯૫૮માં રેમન મેગ્સેસે એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

**ભૂદાન ચળવળ અથવા ભૂદાન આંદોલન**


૧૯૫૧માં વિનોબા ભાવેએ તેલંગાણાના હિંસાગ્રસ્ત ક્ષેત્રમાંથી શાંતિ અભિયાન શરૂ કર્યું. ૧૮ એપ્રિલ, ૧૯૫૧ ના રોજ પોચામ્પલ્લી ગામના હરિજનોએ તેમને જીવન નિર્વાહ માટે લગભગ ૮૦ એકર જમીન પૂરી પાડવાની વિનંતી કરી. વિનોબાએ ગામના જમીદારોને આગળ આવવા અને હરિજનોને બચાવવા કહ્યું. દરેકના આશ્ચર્યની વાત એ છે કે એક જમીંદાર ઉભો થયો અને પોતાની જમીનમાંથી જરૂરી જમીન દાનમાં આપી દીધી. આ ઘટનાએ બલિદાન અને અહિંસાના ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેર્યો. આ ભૂદાન (જમીનની ભેટ) ચળવળની શરૂઆત હતી. આ આંદોલન તેર વર્ષ સુધી ચાલુ રહ્યું અને વિનોબાએ દેશની લંબાઈ અને પહોળાઈમાં કુલ ૫૮૭૪૧ કિમીનું અંતર કાપ્યું. તેમણે લગભગ ૪.૪ મિલિયન એકર જમીન એકત્રીત કરી, જેમાંથી આશરે ૧.૩ મિલિયન ગરીબ ભૂમિહીન ખેડૂતોમાં વહેંચવામાં આવી.


**- આસી. પ્રો. ડો. સચિન જે. પીઠડીયા, સરકારી વિનયન કોલેજ-ભેંસાણ**

### કોડીનારમાં દુર્ઘટનાની રાહ જોતું તંત્ર !

# કોડીનારના હાર્દ સમા કોર્ટ કમ્પાઉન્ડમાં આવેલી જર્જરિત ઈમારતને તાત્કાલિક અસરથી ઉતારી લેવા સ્થાનિકોની ઉગ્ર માંગ

**આ પરિસરમાં કોર્ટ, બેંક, ટ્રેજરી, સિટી સર્વે સહિત અનેક ઓફિસો આવી હોય ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ તે પહેલાં તંત્ર જાગે તો સારૂ : જર્જરિત ઈમારત ઉતારવા ના બદલે તંત્ર એ નોટિસ મારી ડેન્જર ઝોન નો પટ્ટો મારી સંતોષ માન્યો**






(નિરવ ગઢીયા દ્વારા)

ઊના તા.૧૧

ગીર - સોમનાથના કોડીનારમાં સરકારી ઓફિસ અને કોર્ટ કમ્પાઉન્ડની વચ્ચે આવેલી ગાયકવાડ વખતની વર્ષો જૂની જર્જરિત ઈમારત પડે અને મોટી જાનહાની થાય તે પહેલા તંત્ર તાત્કાલિક આ બિલ્ડીંગ ઉતારી લે તેવી સ્થાનિકોમાં ઉગ્ર માંગ છે. ગીર સોમનાથના કોડીનાર ખાતે આવેલા ગાયકવાડ વખતનાં જૂના પોલીસ સ્ટેશન તરીકે ઓળખાતી ઈમારતનાં આ વિશાળ બિલ્ડિંગમાં એક સમયે કોડીનાર મામલતદાર, સબ રજીસ્ટાર અને પોલીસ સ્ટેશન તમામ વિભાગો બેસતા હતા. સમય જતા બિલ્ડીંગ જર્જરિત થતાં તમામ વિભાગો અહીંથી ખસેડાયા છે. આ બિલ્ડીંગ અતિ જર્જરિત હાલતમાં પડવાના વાંકે ઊભું છે. આ ઈમારત હવે ગમે તે સમયે પડી શકે તેવી પૂર્ણ શક્યતાઓ છે. ત્યારે આ જર્જરીથી ઈમારતને જાનમાલની સલામતી માટે તાત્કાલિક તંત્ર દ્વારા ઉતારી લેવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે. સૌથી મહત્વની વાત તો એ છે કે આ જર્જરિત ઈમારતને ઉતારી લેવાને બદલે તંત્ર દ્વારા આ ઈમારત આસપાસ કોઈને ન જવાની નોટિસ લગાવી ડેન્જર ઝોનની પટ્ટીઓ લગાવી સંતોષ માન્યો છે. જ્યારે આ જર્જરીત બિલ્ડીંગ ઉપરથી અનેક વખત પવન આવતા નળિયાઓ પડે છે. અડી રહેલા લાકડાના ભાગ પણ તૂટી પડે છે. અનેક વખત નીચેથી અવરજવર કરતા લોકોને ઈજા પહોંચતા રહી ગઈ છે. તંત્રએ ગંભીરતા એટલા માટે લેવી પડે તેમ છે કારણ કે આ જર્જરીત બિલ્ડીંગની આસપાસ એસબીઆઈ બેન્ક, પેટા તિજોરી કચેરી, માર્ગ અને મકાન વિભાગની કચેરી, સીટી સર્વે ઓફિસ તેમજ કોર્ટ સહિતની બિલ્ડીંગો આવેલી હોય સતત ટ્રાફિકથી ધમધમતા તેમજ માનવ જીંદગીથી સતત ભરચક રહેતી જગ્યાએ જો બિલ્ડીંગ જમીનદોસ્ત થાય તો અનેક જાનહાની ભીતિ સેવાઈ રહે છે. સ્થાનિક લોકોની માંગ કે આ બિલ્ડિંગ તંત્ર જલ્દીથી ઉતારી લે અથવા શું મોટી દુર્ઘટના થયા બાદ જ તંત્ર જાગશે?

# શુક્રવારે જસદણ એસ.પી.એસ. સંકુલે છાત્રાઓ માટે સ્મશાનમાં સેમિનાર



### શુક્રવાર જસદણ સ્મશાનમાં વિજ્ઞાન જાથાના અદ્દભૂત કાર્યક્રમો : ૪૫૦ છાત્રાઓ મોક્ષધામમાં અંધશ્રદ્ધા નિવારણના કાર્યક્રમો આપશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૧

રાજકોટ જિલ્લાના જસદણ મોક્ષધામમાં સૌરાષ્ટ્ર પટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના એસ.પી.એસ. સંકુલ દ્વારા ૪૫૦ છાત્રાઓનો સેમિનારમાં અંધશ્રદ્ધા નિવારણ સહિત અનેકવિધ કાર્યક્રમો યોજાવાના છે. ભારત જન વિજ્ઞાન જાથા સ્મશાનમાં આશ્ચર્યચકિત કાર્યક્રમો આપવાના છે. છાત્રાઓને અંધશ્રદ્ધા સામેના નવા કાયદા અને દ્રઢ મનોબળ માટે કૌતુકભર્યા પ્રયોગો રજૂ કરવામાં આવશે. જસદણ પોલીસ સ્ટેશનનો ખાસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન સંકુલના કમલેશભાઈ હિરપરા, કેવલ હિરપરા, જે. ડી. ઢોલરીયા મોક્ષધામ, આગેવાનો, અધિકારીઓની હાજરીમાં કરવામાં આવશે. સ્મશાનમાં સેમિનાર સવારથી જ પ્રારંભ થવાનો છે. વર્ષો જુની માન્યતા પરંપરા, કુરિવાજો, અંધશ્રદ્ધાનું ખંડન કરવા અવનવા કાર્યક્રમો યોજાવાના છે. જાથાના રાજ્ય ચેરમેન એડવોકેટ જયંત પંડયા મુખ્ય વક્તા સાથે અંધશ્રદ્ધા સામે નવા કાયદાનું સ્વરૂપથી માહિતગાર કરી છાત્રાઓ, વાલી, જનસમાજમાં પડેલો ભય, ડર, ભ્રમ દૂર કરવાના અદ્દભુત કાર્યક્રમોનું નિદર્શન કરવામાં આવશે. મેલીવિદ્યા, આસુરી શક્તિ, દિવ્ય શક્તિ, ઉપાસના, સાધના જેવી કનડગત વિધિ-વિધાન, કુરિવાજોનું ખંડન કરી દ્રઢ મનોબળ સાથે વૈજ્ઞાનિક વલણ કેળવવાના કાર્યક્રમો આપવામાં આવશે. નવાંગતુક વિચારોને પ્રાધાન્ય આપવામાં આવશે. વિશેષમાં પંડયા જણાવે છે કે છાત્રાઓ મેલીવિદ્યાની નનામી ઉપાડશે, મશાલ સરઘસ, માથા ઉપર સળગતી સગડી સાથે ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી રહસ્યોની જાણકારી આપવામાં આવશે. ભ્રામકતા, રદ્દી વિચારો, કુરિવાજાને તિલાંજલિ આપવામાં આવશે. છાત્રાઓ સ્મશાનમાં ચા-નાસ્તો કરી નનામી સંબંધી અંધશ્રદ્ધા સામે કૌતુકનું સર્જન કરશે. છાત્રાઓમાં અંધશ્રદ્ધા ભય-ડર કાઢવાના નવતર કાર્યક્રમો અપાશે. શુક્રવાર તા. ૧૩ મી એ સવારે ૧૧ કલાકે મોક્ષધામમાં જ્ઞાન-વિજ્ઞાનનો આબેહુબ કાર્યક્રમ છે.

ગામમાં જબરો ઉત્સાહ છે. જાથાની વિચારધારા અને તર્કને પ્રાધાન્ય આપતા લોકોએ હાજરી આપવા અનુરોધ છે. વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારોનું ખંડન કરી ૨૧ મી સદીની માનસિકતા બતાવવામાં આવશે. અંધશ્રદ્ધાથી માનવજાતને બરબાદી મળી છે તેને દેશવટો આપવા જાથો ગામેગામ આયોજન કરે છે.

## પ્રાચી તીર્થ ની શ્રીનાથજી સોસાયટી કા રાજા




(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૧

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે આવેલ શ્રીનાથજી સોસાયટી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિજીની સ્થાપના કરાઈ હતી જેમાં દરરોજ સવાર સાંજ આરતી કરવામાં આવે છે અને બહેનો દ્વારા સત્સંગ, રાસ ગરબા સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને એક સાથે પાંચ દિવસ સુધી સોસાયટીના લોકો સાંજે ભોજન સાથે લેય છે અને પાંચમા દિવસે ગણેશજી નું વાસ્તે ગાજતે વિસર્જન કરવામાં આવશે. (તસ્વીર : જાદવ ચુડાસમા)

# દ્વારકા મંદિર ચોક પાસે આવેલ ગણેશ મહોત્સવમાં પૂજન વિશેષ આરતી કરવામાં આવી





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૧

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા અધિકારી નિતેશ પાંડેસર દ્વારા દ્વારકા મંદિર ચોક પાસે આવેલ ગણેશ મહોત્સવમાં પૂજન વિશેષ આરતી કરવામાં આવી હતી. દ્વારકાધીશ જગત મંદિર પાસે મંદિર ચોક ફુલેકા શેરી ચંદ્રભાગા શેરીમાં લગભગ છેલ્લા ૧૪ વર્ષથી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. સાત દિવસ સુધી ગણપતિ મહારાજનું વેદોક્ત પુરાણોક્ત મંત્રો દ્વારા પૂજન અભિષેક અર્ચન તેમજ વિશેષ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવી છે ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા અધિકારી નિતેશ પાંડેસર દ્વારા ગણેશ પંડાલની મુલાકાત લઈ વિશેષ આરતી પૂજન કરવામાં આવ્યું મંદિર ચોક વિસ્તારમાં ગણેશ મહોત્સવના આ આયોજનમાં દ્વારકાધીશ જગત મંદિરમાં પૂજન અર્ચન તેમજ યજમાનવૃત્તિ કરનાર શ્રી ગુગડી બ્રાહ્મણ જ્ઞાતિના પરિવારોની ખૂબ મોટી સંખ્યા છે. જગત મંદિરમાં જે રીતે ઠાકોરજીના શણગાર અને પૂજન કરવામાં આવે છે તે જ પદ્ધતિથી આ ગણેશ પંડાલમાં પૂજન કરવામાં આવે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# રચનાત્મક સ્વતંત્રતાના નામે તથ્યો સાથે ચેડાં

નેટફ્લિક્સ પર આવેલી અનુભવ સિંહા નિર્દેશિત એક વેબ સિરીઝ ‘આઈસી ૮૧૪, કંધાર હાઈજેક’ હાલમાં ચર્ચાનો વિષય બની છે. આ વેબ સિરીઝ શરૂ થાય છે ત્યારે બેકગ્રાઉન્ડથી અવાજ આવે છે કે કાઠમાંડુથી વિમાન હાઈજેક થઈ ગયું. એ જ અવાજમાં આગળ એવો સવાલ પૂછવામાં આવે છે કે કોણે કર્યું આ હાઈજેક, કેમ કર્યું, આ બધું પણ શોધવાનું હતું. બેકગ્રાઉન્ડનો અવાજ ચાલતો રહે છે - આ બધું એટલું પેચીદું હતું કે સાત દિવસ લાગી ગયા, કેમ લાગ્યા સાત દિવસ અને શું-શું થયું એ સાત દિવસમાં. ત્યારબાદ સ્ટોર શરૂ થાય છે એ સાત દિવસની. હાઈજેકથી લઈને વિમાનમાં સવાર લોકો ભારત પહોંચતાં સુધીની. અંતમાં ફરીથી એ જ બેકગ્રાઉન્ડ અવાજ ગૂંજે છે - કંધારમાં માત્ર એક અધૂરી કડી છૂટી ગઈ હતી, તે ૧૭ કિલો આરડીએક્સ. તાલિબાનના કહેવાથી હાઈજેકર્સે એ બેગ આપણા પ્લેનમાંથી કઢાવી. આગળ કહેવાય છે કે એ રાત્રે ઓસામા બિન લાદેનના ઘર તરનક કિલ્લામાં પાંચેય હાઈજેકર્સ અને ત્રણેય આતંકવાદીઓના પાછા આવવાના જશ્નનો ઈંતેજામ હતો. આ હાઈજેકનો આઈએસઆઈ સાથે એટલો ઓછો સંબંધ હતો કે તેમને આ જશ્નમાં સામેલ થતાં રોકી દેવાયા હતા. હાઈજેક ખતમ થયું પણ ત્રણેય (આતંકવાદી) ખબર નહીં આજ સુધી કેટલીય માસૂમ મોતો અને દુર્ઘટનાઓ માટે જવાબદાર છે. ત્યારબાદ સંસદ પર હુમલો, ડેનિયલ પર્લની ગળું કાપી હત્યા, મુંબઈ આતંકવાદી હુમલો અને પુલવામાની ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો. પરોક્ષ રૂપે એ સંકેત કરવામાં આવ્યો કે જો આ ત્રણ આતંકવાદી છોડાયા ન હોત તો આતંકવાદી ઘટનાઓ ન થઈ હોત.

વેબ સિરીઝની શરૂઆતમાં પૂછવામાં આવેલ પ્રશ્ન કે હાઈજેક કોણે કર્યું અને અંતમાં આપેલા જવાબને એક સાથે જોઈએ તો સિરીઝ નિર્માણની દાનત ખબર પડી જાય છે. જવાબ છે કે આ હાઈજેકમાં પાકિસ્તાનની બદનામ ગુપ્તચર એજન્સીનો હાથ ન હતો અથવા તો બહુ ઓછો હતો. હાઈજેક બાદ તત્કાલીન ગૃહમંત્રી લાલકૃષ્ણ અડવાણીએ સંસદમાં ૬ જાન્યુઆરી, ૨૦૦૦ના રોજ એક નિવેદન આપ્યંપ હતું, ‘હાઈજેકની તપાસ કરતી એજન્સી અને મુંબઈ પોલીસે ચાર આઈએસઆઈ ઓપરેટિવને પકડ્યા હતા. આ ચાર્યે ઈન્ડિયન એરલાઈન્સના હાઈજેકર્સ માટે સપોર્ટ સેલની જેમ કામ કરી રહ્યા હતા. આ ચારેય આતંકવાદીઓએ પૂછપરછમાં સ્વીકાર્યું હતું કે આઈસી ૮૧૪ના હાઈજેકની યોજના આઈએસઆઈએ બનાવી હતી અને તેણે આતંકવાદી સંગઠન હરકત-ઉલ-અંસારના માધ્યમથી તેને અંજામ આપ્યો હતો. પાંચેય હાઈજેકર્સ પાકિસ્તાની હતા. હરકત-ઉલ-અંસાર પાકિસ્તાનના રાવલપિંડીનું એક કટ્ટરપંથી સંગઠન હતું જેને ૧૯૯૭માં અમેરિકાએ આતંકી સંગઠન જાહેર કર્યું હતું. ત્યારબાદ આ સંગઠને પોતનું નામ બદલીને હરકત-ઉલ-મુજાહિદીન કરી દીધું હતું.’ સંસદમાં આપેલ આ નિવેદનના બીજા દિવસે પાકિસ્તાનના અખબારોમાં એ સમાચાર પણ પ્રકાશિત થયા હતા કે ભારતે જે ત્રણ આતંકવાદીઓને છોડ્યા હતા તે કરાચીમાં જોવા મળ્યા હતા. તે ઉપરાંત પણ કેટલીય ઘટનાઓ એ સમયે ઘટી હતી જેનાથી સ્પષ્ટ થાય છે કે આઈસી ૮૧૪ના હાઈજેકને પાકિસ્તાને અંજામ આપ્યો હતો. પાકિસ્તાનમાં મસૂદ અઝહરે ભાષણમાં કહ્યું હતું, ‘હું અહીં તમને એ જણાવવા આવ્યો છું કે મુસલમાન ત્યાં સુધી શાંતિથી નહીં બેસે, જ્યાં સુધી અમેરિકા અને ભારતને બરબાદ ન કરી દે.’ આટલા પુરાવા છતાં આ વેબ સિરીઝની કહાનીમાં આઈએસઆઈની ભૂમિકાના નકારનું શું કારણ હોઈ શકે? તેના વિશે નિર્દેશક અનુભવ સિંહાએ જણાવવું જોઈએ. આ રચનાત્મક સ્વતંત્રતા નહીં, પરંતુ કંઈક બીજું જ જણાય છે.

જે રીતે આખી સિરીઝમાં ઘટનાક્રમ દર્શાવાયો છે, તે પણ સ્થિતિઓ વિશે અલ્પજ્ઞાન પર આધારિત જણાય છે. લાગે છે કે નિર્દેશકને એ વાતનું ભાન જ નથી કે અખબારોમાં કેવી રીતે કામ થાય છે કે મંત્રાલયોમાં સંકટ સમયે કેવી રીતે યોજના બનાવવામાં આવે છે. કંધાર એરપોર્ટ પર હાઈજેકર્સ સાથે વાતચીતન પ્રસંગને જે રીતે દેખાડાયો છે તે ફૂવડતાનો નમૂનો છે. આતંકીઓ અને અધિકારીઓના સંવાદથી લાગતું જ નથી કે કોઈ દેશ આટલા મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. કેટલીક ઘટનાઓને તો બેહદ મામૂલી દર્શાવાઈ. જેમ કે વિમાનમાં રહેલી એક લાલ બેગ વિશે. ફિલ્મ નિર્દેશકે થોડી મહેનત કરી હોત અને ઈસ્લામાબાદથી કંધાર મોકલેલા ભારતીય રાજદ્વારી એ.આર. ઘનશ્યામની ‘ડિસ્પેચ’ વાંચી લીધી હોત, તો સંભવત લાલ બેગની જાણકારી તેમને મળતી અને તેઓ આઈએસઆઈને ક્લીન ચિટ આપવાની ‘રચનાત્મક સ્વતંત્રતા’ લેવાનું દુસ્સાહસ ન કરી શક્યા હોત. ૩૧ ડિસેમ્બરની રાતની ઘટના વર્ણવતાં ઘનશ્યામ લખે છે કે ‘રાત્રે નવ વાગ્યાની આસપાસ કેપ્ટન સૂરી લાઉન્જમાં આવ્યા અને કહ્યું કે તાલિબાન આઈસી ૮૧૪માં ઈંધણ ભરવામાં જાણીજોઈને વિલંબ કરી રહ્યા છે. તેઓ હાઈજેકર્સની લાલ બેગ શોધી રહ્યા છે.’ ઘનશ્યામ તરત તાલિબાન સરકારના મંત્રી મુતવક્કિલ, જે એ સમય સુધી એરપોર્ટ પર જ હતા, તેમને બધી વાત જણાવે છે. થોડી વાર બાદ જ્યારે ઘનશ્યામ વિમાન પાસે પહોંચે છે કે મુતવક્કિલની લાલ રંગની પજેરો કાર વિમાન પાસે ઊભી હતી. ગાડીની હેડલાઈટ ઓન કરીને વિમાનમાંથી કશું શોધવામાં આવતું હતું. કેટલાક લોકો દરેક લાલ રંગની બેગને ગાડીની પાસે લઈ જતા હતા અને થોડી વારમાં તેને પાછી લાવીને વિમાનમાં મૂકી દેતા હતા. ત્યાં કામ કરતા એક વર્કરે જણાવ્યું કે અસલી લાલ બેગ મળી ગઈ. તેમાં પાંચ હેન્ડ ગ્રેનેડ હતા. પરંતુ કહાની એના કરતાં વધુ ઊંડી હતી.

એ લાલ બેગમાં હાઈજેકર્સના પાકિસ્તાની પાસપોર્ટ પણ હતા, જેમાં તેમનું નામ-સરનામું નોંધાયેલું હતું. આઈએસઆઈના હુકમ પર મુતવક્કિલે પોતાના નિરીક્ષણમાં એ બેગને શોધી અને પોતાની સાથે લઈ ગયા. ત્યારબાદ જ વિમાનના કેપ્ટનને વિમાન ઉડાવવાની અનુમતિ મળી શકી. વિમાન બીજા દિવસે સવારે કંધાર એરપોર્ટથી ઊડી શક્યું.

અહીં પણ સ્પષ્ટ થાય છે કે આઈએસઆઈનો આ અપહરણમાં કેટલો મોટો હાથ હતો. અસલમાં તે ગુનાના કોઈ નિશાન નહોતું છોડવા માગતું. કંધાર એરપોર્ટની ગતિવિધિઓ પર સંપૂર્ણ રીતે આઈએસઆઈનું નિયંત્રણ હતું. ભારત સરકારના એ સમયના વિદેશ મંત્રી જશવંત સિંહ જ્યારે અફઘાનિસ્તાન જઈ રહ્યા હતા તો તેમણે મુતવક્કિલને કહ્યું હતું કે તેઓ મુલ્લા ઉમરને મળવા માગે છે. પહેલાં તો તેણે હા પાડી દીધી. થોડી વારમાં આઈએસઆઈના પોતાના આકાઓ સાથે વાતચીત કર્યા બાદ જસવંત સિંહને ના પાડી દેવામાં આવી.

આ વેબસિરીઝ પર વિવાદ થયો. નેટફ્લિક્સની પ્રતિનિધિને મંત્રાલયમાં બોલાવવામાં આવી. મંત્રાલયે ડિસ્ક્લેમર લગાવવાનું કહ્યું તે લગાવવું પડ્યું. પણ ના કોમેન્ટ્રી બદલવામાં આવી, ના એ દશ્યો સુધારવામાં આવ્યાં જેનાથી આઈએસઆઈને ક્લીન ચિટ આપવામાં આવી. ઈતિહાસ આ જ રીતે વિકૃત કરવામાં આવે છે. આ સમગ્ર મામલો આતંકીઓના નામનો નહીં, પરંતુ તેમના આકાઓને બચાવવાનો લાગે છે.

### કાશ્મીર સ્ટાઈલમાં સગીરોનો ઉપયોગની નવી મોડસ ઓપરેન્ડી

# સુરતના ગણપતિ પંડાલની ઘટના આયોજનબધ્ધ કાવતરૂ

## પોલીસે ટીયર ગેસના શેલ છોડવા પડ્યા હતા અને લાઠીચાર્જનો આશરો લીધો હતો



સુરત,તા.૧૧

સુરતના સૈયદપુરામાં ગણેશ પંડાલપર રવિવારે રાત્રે રિક્ષામાં સવાર છ કિશોરોએ પથ્થરમારો કર્યો હતો. બાદમાં ભીષણ આગચંપી જેવી સ્થિતિ સર્જાઈ હતી અને પોલીસે ટીયર ગેસના શેલ છોડવા પડ્યા હતા અને લાઠીચાર્જનો આશરો લીધો હતો. આ અંગે જાણકારોનું કહેવું છે કે સુરતની ઘટના બતાવે છે કે હવે અહીં કાશ્મીર સ્ટાઈલમાં સગીરોનો ઉપયોગ કરવાનું શરૂ કરવાનું આવ્યું છે. એકાદ સગીર નથી એક સાથે છ સગીર આ રીતે આવ્યા છે. તેની પાછળ કોઈકની ઉશ્કેરણી છે અથવા હવે શું સગીરોને આ પ્રકારે તૈયાર કરવામાં આવ્યા છે. જો કે કાશ્મીરમાં સગીરોનો આ રીતે ઉપયોગ કરવામાં આવ્યો તો પછી પોલીસ અને સીઆરપીએફે તેના જવાબમાં સગીરોની ખાતરબરદાસ્ત કરતાં તેમના રીતસરના હાડકા ભાગી નાખીને તેમને કાયમ માટે અપંગ બનાવી દીધા હતા. પોલીસે ૩૨ આરોપીઓની ધરપકડ કરી હતી. આ ઘટનામાં હવે ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે. પોલીસે જે છ કિશોરોની ધરપકડ કરી છે તેમાંથી એક આરોપી સવારે સરકારી શાળામાં અને સાંજે મદરેસામાં જાય છે. તે ૬ સપ્ટેમ્બરે મિત્રો સાથે ગણેશ પંડાલમાં પણ આવ્યો હતો અને પાણીની થેલી ફેંકીને ભાગી ગયો હતો. આ પછી ૭મીએ પથ્થર ફેંકવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે નિષ્ફળ ગયો. જો કે, ૮ સપ્ટેમ્બરની રાત્રે પથ્થરમારાના કાવતરાને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. તમામ આરોપીઓ હાલ ઉમરા પોલીસ સ્ટેશનમાં છે અને આજે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય આજે સુરત આવશે. પોલીસ કમિશનર બપોરે ઓફિસે પહોંચી તમામ ઘટના અને આરોપીઓની પૂછપરછ કરી શકશે. સૈયદપુરા પોલીસ ચોકી સર્કલ પાસે પોલીસ દ્વારા સતત ત્રીજા દિવસે ડ્રોન વડે સમગ્ર વિસ્તાર પર નજર રાખવામાં આવી રહી છે.

આ કિશોરને પથ્થર ફેંકવાનું કોણે શીખવ્યું તે અંગે પોલીસ તપાસ કરી રહી છે અને પોલીસે મદરેસામાં જનારાઓની પણ તપાસ શરૂ કરી છે. આરોપી જેની સાથે ગયો હતો તે રિક્ષા ચાલકને આ છ કિશોરો શું કરવા જઈ રહ્યા છે તેની કોઈ જાણ નહોતી. તેણે પંડાલ પાસે રિક્ષા રોકી અને તરત જ છ મુખ્ય સગીર આરોપીઓમાંથી એકે મૂર્તિ પર પથ્થરમારો કર્યો. કિશોર તેની દાદી સાથે રહે છે અને મદરેસામાં ભણે છે. પિતા હયાત નથી અને માતાએ બીજા લગ્ન કર્યા છે. પોલીસે ગણેશ પંડાલ પર પથ્થરમારો કરનાર ૬ કિશોરો સામે જુવેનાઈલ એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે કિશોરના માતા-પિતાની પણ સઘન પૂછપરછ કરવામાં આવી છે. પોલીસે ગણેશ મંડપ પર પથ્થરમારો કરનારા કિશોરો હતા તે સામાન્ય માન્યું ન હતું. ૧૨ થી ૧૩ વર્ષની વયના છ કિશોરોને રિક્ષામાં બેસાડી લીધા હતા. આ ઉપરાંત આ બાળકોના ઘર ઘટના સ્થળથી એક કિલોમીટરથી વધુ દૂર છે. જો બાળકો આટલા દૂરથી વરિયાળી બજારમાં આવ્યા હતા તો તેની પાછળ કોનો હાથ હતો તે શોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કિશોર સામે વિરુદ્ધ જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. તેની પણ પૂછપરછ કરવામાં આવી હતી. એટલું જ નહીં, કિશોરીના માતા-પિતાને પણ બોલાવીને વિગતવાર પૂછપરછ કરવામાં આવી છે. લોકોએ પોલીસ પ્રોટેક્શનની પણ માંગ કરી, જ્યારે કિશોરે પંડાલ પર પાણીની થેલી ફેંકી અને ભાગી ગયો. પોલીસે રિક્ષાચાલકની પણ ધરપકડ કરી લીધી છે, જોકે રિક્ષાચાલકની ભૂમિકા અંગે હજુ તપાસ ચાલી રહી છે. પરંતુ રિક્ષાચાલકે કહ્યું કે, મને ખબર ન હતી કે રિક્ષામાં બેઠેલા બાળકો શું કરવા જઈ રહ્યા છે. હું તેમના વિસ્તારમાં રહું છું અને તેઓએ કહ્યું, અમારે સૈયદપુરા જવું છે. જીજે-૦૫-ટીટી-૪૪૩૩ નંબરની રિક્ષામાં યુવકો આવ્યા હતા અને ગણેશની મૂર્તિ પર પથ્થરમારો કર્યો હતો. સ્થાનિક રહેવાસીઓએ ગણેશ મંડપમાંથી ઘણા પથ્થરો મેળવ્યા હતા. લોકોએ તમામ છોકરાઓને પકડીને પોલીસને હવાલે કર્યા. પકડાયા બાદ એક કિશોરે કહ્યું, હું આજે જ આવ્યો છુંપ સ્થાનિક લોકોએ કહ્યું કે છોકરાઓમાં જે તત્વો આવા કૃત્યો કરે છે તેમને સજા થવી જોઈએ. પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે ગઈ કાલે પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં તેણે જણાવ્યું કે ૧૨-૧૩ વર્ષની વયના ૬ કિશોરો રિક્ષામાં આવ્યા અને પથ્થરમારો કર્યો. આ મામલામાં ૬ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમમાં ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી સહિત ટેકનિકલ સ્ટાફનો સમાવેશ થાય છે. લોકોએ અફવાઓ પર ધ્યાન ન આપવું જોઈએ. જુના વિડીયો કે અફવાઓ ન ફેલાવો. પંડાલમાં પથ્થરમારો કર્યા પછી, બદમાશોએ પોલીસ પર હુમલો કર્યો અને કહ્યું કે જો તમે તેમને લાકડીઓ અને લાકડીઓથી માથા પર મારશો તો પોલીસ મરી જશે. આ બનાવમાં લાલગેટ પોલીસે હત્યાનો પ્રયાસ, બળવો, તોડફોડ સહિતની કલમો હેઠળ ૩ ગુના નોંધ્યા છે. આરોપીઓને પકડવા માટે છ ટીમો બનાવવામાં આવી છે. પોલીસની પ્રથમ એફઆઈઆર મુજબ કિશોરે પેવેલિયન તરફ પથ્થર ફેંકતા મૂર્તિની નીચે મૂકવામાં આવેલા ડ્રમને નુકસાન થયું હતું. રવિવારે હું સ્ટાફ સાથે પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે રિક્ષામાં સવાર ૬ થી ૮ છોકરાઓએ મંડપ પર પથ્થરમારો કરી મૂર્તિના ડ્રમને નુકસાન પહોંચાડ્યું હતું. જ્યારે દરેકને પૂછપરછ માટે ચોકી પર લાવવામાં આવ્યા ત્યારે બહાર ૩૦૦ લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું, તેથી વધુ પોલીસ ફોર્સ બોલાવવી પડી હતી. કેટલાક ઈસમો બૂમો પાડી રહ્યા હતા કે, જો તમે મારા માથામાં લાકડી મારશો તો હું મરી જઈશ આ હુમલામાં અમારા બે પોલીસકર્મી પણ ઘાયલ થયા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઈચ્છા બધા જ દુઃખોનું મૂળ છે.

- બુદ્ધ ભગવાન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૮ દૂર્ગાષ્ટમી, રાધાષ્ટમી, ધરો આઠમ, શ્રી દધીચી જયંતિ, મહાલક્ષ્મી વ્રતારંભ તા.૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૭, જયેષ્ઠા નક્ષત્ર, પ્રીતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૩૬, સૂ.અ.૬:૫૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), રાત્રે ૯:૨૨ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. આળસ અનુભવાય.
વૃષભ:નોકરી-ધંધામાં સાનુકૂળતા રહે. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.
મિથુન:પ્રવાસ-મુસાફરી થાય. શુભ સમાચાર મળે.
કર્ક: આર્થિક સુખમાં વધારો થાય. યશ, પ્રતિષ્ઠા વધે.
સિંહ: કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવે. આરોગ્ય અંગે સંભાળવું.
કન્યા: મિલ્કતનો પ્રશ્ન ઉકેલાય. મહેનતનું શુભ ફળ મળે.
તુલા: ચિંતાને કારણે બેચેની રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.
વૃશ્ચિક:અકારણ દોડા-દોડી રહે. મનમાં મૂંઝવણ રહે.
ધન: પડવા-વાગવાથી સંભાળવું. શત્રુવર્ગથી સાવધાની રાખવી.
મકર: નાણાંકીય રોકાણ કરવાનું આજના દિવસ પૂરતું ટાળવું.
કુંભ: નોકરી ધંધામાં ધાર્યો લાભ મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મીન: મનનું ધાર્યું થાય. આનંદ ઉત્સાહ વધે.

# ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ગુજરાત સરકારની નવી પહેલ

અમદાવાદ,તા.૧૧

રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ગુજરાત સરકારે નવી પહેલ કરી છે. રાજ્યમાં બનતા માર્ગ અકસ્માતો તેમજ ટ્રાફિક જામ સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે એક વિશેષ હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨ સેવા શરૂ કરવામાં આવી છે. રાજ્યના કોઈ પણ ખૂણે સર્જાયેલી માર્ગ અકસ્માતની ઘટના, ટ્રાફિક જામની સમસ્યા કે અન્ય કોઈપણ ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી નાગરિકો એક જ ફોન કોલથી આ નવી હેલ્પલાઈનમાં આપી શકશે. જે માહિતી તાત્કાલિક સંબંધિત વિસ્તારના પોલીસ અધિકારીને પહોંચાડી તે સમસ્યાનું નિવારણ લાવવામાં આવશે. ટ્રાફિક સંબંધિત આ હેલ્પલાઈન ઉપરાંત ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે અન્ય ત્રણ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં વેબસાઈટ, ઈમેઈલ આઈડી તેમજ સ્માર્ટફોન યુઝર્સ માટે વિશેષ એપ્લિકેશનની સેવાનો સમાવેશ નાગરિકોની સરળતા માટે કરવામાં આવ્યો છે. ’હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨’: આ ડેડિકેટેડ હેલ્પલાઈન ઉપર કૉલ મળતા જ પોલીસ દ્વારા જે વિસ્તારની ફરિયાદ હશે તે સંબંધિત જિલ્લાના પોલીસ અધિકારીને તાત્કાલિક આ સમસ્યાના નિવારણ માટે એક્શન લેવા સૂચના આપવામાં આવશે.

એપ્લિકેશનઃ ટ્રાફિક જામ કે માર્ગ અકસ્માત સંબંધિત કોઈ પણ ફરિયાદ સ્માર્ટ ફોનની મદદથી એપ્લિકેશન મારફતે કરી શકાય તે માટે એપ્લિકેશન ’સિટીઝન ફર્સ્ટ’માં ખાસ ફિચર ઉમેરવામાં આવ્યુ છે. આ એપ્લિકેશન મારફતે કોઈ પણ વ્યક્તિ મોબાઈલમાં ફોટો પાડીને સમસ્યાની જાણ પોલીસને કરી શકશે. જેનાં લોકેશનને આધારે પોલીસ રિયલ ટાઈમ મોનિટરીંગ કરીને આ સમસ્યાનો ઉકેલ લાવશે. વેબસાઈટઃ રાજ્યના કોઈ પણ ખૂણે કોઈ નાગરિકને માર્ગ અકસ્માત કે ટ્રાફિક જામ સંબંધિત કોઈ સમસ્યાનો સામનો કરવો પડે કે આવા કોઈ દ્રશ્ય દેખાય તો તેનો ફોટો 'https://gujhome.gujarat.gov.in/portal' વેબસાઈટમાં અપલોડ કરી તે કયા લોકેશનની સમસ્યા છે તેની માહિતી આપી શકશે.

# કચ્છ જિલ્લામાં ભેદી બીમારીથી પાંચ દિવસમાં ૧૪નાં શંકાસ્પદ મોત : આરોગ્ય વિભાગની દોડધામ

## ગુજરાતમાં ચાંદીપુરા વાયરસ બાદ વધુ એક ભેદી બીમારીની એન્ટ્રી ! તાવ-શરદી થયા બાદ ટૂંકી સારવારમાં મોત; દર્દીઓના સેમ્પલ પૂના અને અમદાવાદ મોકલાયા

અમદાવાદ, તા.૧૧

રાજ્યમાં ચાંદીપુરા વાયરસ બાદ હવે વધુ એક ભેદી બીમારી માથું ઊંચકવા લાગી છે. કચ્છ જિલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં ૧૨ જેટલા લોકોનાં શંકાસ્પદ મોત થયા બાદ આરોગ્ય વિભાગમાં દોડધામ મચી છે. ત્યારે વધુ ૨ લોકોનાં શંકાસ્પદ મોત થયા હોવાની વિગત પ્રાપ્ત થઈ છે. એટલે છેલ્લા ૫ દિવસમાં કુલ ૧૪ લોકોના મોત થયા હોવાનું જણાવાયું છે. આ રોગચાળાના અહેવાલને લઈ રાજ્યનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે અને ટીમ મોકલવા સહિતના વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. કચ્છ જિલ્લાના છેવાડે આવેલા લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ બીમારીના કારણે ૧૪ જેટલા લોકોના મૃત્યુના પગલે સમગ્ર કચ્છમાં હાહાકાર મચ્યો છે. તાવ શરદી થયા બાદ ટૂંકી સારવારના અંતે મૃત્યુ થઈ રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. મોટાભાગના મૃત્યુ એક જ કોમ્યુનિટીના થયાં છે. મામલાની ગંભીરતા લેતા હાલ આરોગ્ય વિભાગે બન્ને તાલુકાનાં અસરગ્રસ્ત ગામોમાં ટીમો ઉતારી મૂકી છે અને ડોર ટુ ડોર સર્વે હાથ ધરી લોકોને નિદાન અને સારવારમાં સહકાર આપવા તેમજ સ્વાસ્થ્ય જાળવણી અંગે માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું છે. ગામની દરેક શેરીઓમાં દવાનો છંટકાવ હાથ ધરાયો છે તો રાજકોટથી આવેલી ખાસ રેપિડ રિસ્પોન્સ ટીમે પણ દયાપર ખાતે યોગ્ય સારવાર માટેની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિકે તપાસ કરતા દયાપર સીએચસીમાં દર્દીઓના નિદાન સારવાર માટેની કામગીરી વધારાના તબીબ સાથે શરૂ થઈ છે. જિલ્લા અને તાલુકા આરોગ્ય વિભાગની ટીમો દ્વારા તાલુકાના ભેખડા સહિતનાં ગામોમાં દવા છંટકાવ, સર્વે અને જ્યાં જરૂર જણાય ત્યાં બ્લડ સેમ્પલ લેવાની કામગીરી થઈ રહી છે. લોકોના સ્વાસ્થ્યની જાળવણી માટે રાજકોટથી ખાસ રેપિડ રિસ્પોન્સ ટીમ દયાપર પહોંચી ચૂકી છે અને બીમારી માટેનાં અટકાયતી પગલાં લેવાનું શરૂ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. મોટાભાગના રિપોર્ટ દયાપર ખાતે જ કરાઈ રહ્યા છે. જ્યારે શંકાસ્પદ H1H2નાં સેમ્પલ અમદાવાદ અને કોંગો ફીવરના સેમ્પલ પૂના મોકલવામાં આવ્યાં છે. આ તમામ રિપોર્ટના આધારે અભ્યાસ કરવામાં આવી રહ્યો છે અને તેની માહિતી ગાંધીનગર કચેરીએ મોકલવામાં આવે છે.

**તંત્રએ આ મામલાને ગંભીરતાથી નહીં લેવાના કારણે આટલા બધાં મોત થયા : કોંગ્રેસ**

કચ્છમાં બહાર આવેલ ભેદી બીમારીના રોગચાળાને લઈ વિપક્ષ કોંગ્રેસ દ્વારા સરકારની કામગીરી ઉપર સવાલો ઉઠાવાયા છે. તેઓએ જણવ્યું હતું કે, આજથી ચાર દિવસ પહેલાં સરકારી તંત્રનું ધ્યાન દોર્યું હતું. આ મામલાને ગંભીરતાથી લો, પણ ગંભીરતા નહીં લેવાના કારણે આટલાં મોત થયાં છે. તો બીજી તરફ જે સ્થળો ઉપર શંકાસ્પદ મોત થયાં છે. ત્યાં રાજ્યનાં અલગ અલગ શહેરમાંથી નિષ્ણાત તબીબોની ટીમ કચ્છ મોકલવામાં આવી છે. સમગ્ર મામલાની તપાસ કરી રિપોર્ટ સુપરત કરવા આદેશ કરાયો છે. કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં ૧૪ વ્યક્તિઓના ગણતરીના દિવસોમાં મૃત્યુ થયાં છે. રાજ્યસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આજથી ચાર દિવસ પહેલાં મેં સરકારી તંત્રનું ધ્યાન દોર્યું હતું, જ્યારે આ રોગની શરૂઆત થઈ હતી. લોકો હોસ્પિટલમાં જવા લાગ્યા હતા અને બે મૃત્યુ થયાં હતાં કે, તરત જ સરકારનું પણ ધ્યાન દોર્યું હતું, જવાબદાર અધિકારીઓનું પણ ધ્યાન દોર્યું હતું પરંતુ કોઈએ ગંભીરતાથી નહીં લેવાના કારણે ગણતરીના દિવસોમાં જ જિલ્લાના લખપત તાલુકાના ભેખડા, સાંધ્રો, મોરનગર, બેડી, ભારાવાન, વાલાવારી અને લાખાપર ગામોમાં ૧૪ વ્યક્તિઓનાં મૃત્યુ થયાં છે. તેમણે ઉમેર્યું હતું કે, માણસના જીવનથી વધારે કીમતી બીજું કશું જ ન હોઈ શકે. દુઃખ એ વાતનું છે કે, ધ્યાન દોરવા છતાં, સ્થાનિક લોકોએ પણ વારંવાર કહેવા છતાં સરકારી તંત્રના પેટનું પાણી હલ્યું નથી. એકપણ જવાબદાર ઉચ્ચ અધિકારીએ હજુ સુધી લખપત તાલુકાના આ ગામોની મુલાકાત લીધી નથી. સરકારે ટીમો મોકલવી જોઈએ, બહારથી નિષ્ણાત ડોકટરો મોકલવા જોઈએ, લેબોરેટરી ટેસ્ટ થવા જોઈએ અને માણસના મૃત્યુને અટકાવવા જોઈએ. ચોખ્ખું પીવાનું પાણી પણ હજી ત્યાં પહોંચી નથી રહ્યું, મચ્છરોનો અતિશય ઉપદ્રવ છે, જે પાઈપલાઈનમાં પાણી આવે છે તે પાણી પણ પીવાલાયક નથી, લોકો અશુદ્ધ અને ડહોળું પાણી પીવા મજબૂર બન્યા છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે તેમાં પણ આયુષ ડોકટરો છે, એલોપથીના નિષ્ણાત ડોક્ટરોની જગ્યા ત્યાં ભરવામાં આવતી નથી. તાલુકાનું સીએચસી કેન્દ્ર છે ત્યાં પણ માત્ર એક ડોક્ટર છે. લોકોના જાનમાલ અને આરોગ્યના રક્ષણની જવાબદારી સરકારની છે, આ પ્રકારની બેદરકારી ન ચાલે. તાત્કાલિક જવાબદાર અને સિનિયર અધિકારીઓને સ્થળ ઉપર મોકલવા જોઈએ અને પરિસ્થિતિને કાબૂમાં લેવી જોઈએ. લોકોને તાવ આવે, શરદી ઉધરસ થાય અને થોડા જ કલાકોમાં તો ન્યુમોનિયા જેવી પરિસ્થિતિ થાય, શ્વાસ લેવાની તકલીફ થાય અને માણસોનાં મલ્ટિ ઓર્ગન ફેલ્યોર થાય છે. યુવાનોના મૃત્યુ થાય છે, નાનાં બાળકોનાં મૃત્યુ થાય છે, ત્યારે આમાં બેદરકારી ન ચાલે તેમ જણાવતા લખપત તાલુકાનાં આ ગામોમાં તાત્કાલિક સિનિયર અધિકારીઓની ટીમ પહોંચે, આરોગ્ય વિભાગના નિષ્ણાત ડોકટરોની ટીમ આ દરેક ગામોમાં પહોંચે, શુદ્ધ પીવાના પાણીની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે, મચ્છરોના ઉપદ્રવને અને રોગચાળાને તાત્કાલિક કાબૂમાં લેવામાં આવે તેવી વિનંતી પણ શક્તિસિંહ ગોહિલે સરકારને કરી હતી. બીજી તરફ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ તેમણે જણાવ્યું હતું કે, જે વાઈરસના નામે બીમારી બતાવાઈ રહી છે તે અત્યાર સુધી ક્યાંય સાબિત થતી હોય એવું કોઈ સ્થળે જણાયું નથી, પરંતુ થોડા દિવસમાં વધુ મૃત્યુ જે થયાં છે તે અલગ અલગ બીમારીમાં થયાં છે, બાકી તાવ આવ્યા બાદ અલગ અલગ સ્થળે સારવાર લીધા બાદ થયેલાં મૃત્યુ એક જ કોમ્યુનિટીના લોકોમાં જણાઈ આવ્યાં છે. આ તમામ મામલે રાજ્ય, જિલ્લા અને તાલુકાની આરોગ્ય ટીમ ખડેપગે કામે લાગી છે. તેમ જણાવી તેમણે ટૂંકી બીમારીમાં મૃત્યુ થયા હોવાની વાત ખોટી છે.

### ભેદી રોગચાળાને લઈ આરોગ્ય વિભાગની યુદ્ધના ધોરણે કામગીરી : મંત્રી

## કચ્છમાં રાજ્યકક્ષાની ઉચ્ચ ટીમ તથા અન્ય રેપિડ રિસ્પોન્સ ટીમ મોકલાઈ

ગાંધીનગર, તા.૧૧

કચ્છ જિલ્લામાં શંકાસ્પદ તાવના કેસો ધ્યાને આવતા આરોગ્ય વિભાગની ટીમ યુદ્ધના ધોરણે કામ કરી રહી છે. જે અંતર્ગત આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં સાર્વત્રિક વરસાદને લઈ મચ્છરજન્ય રોગોનું પ્રમાણ વધ્યું છે, જેમાં કચ્છ જિલ્લામાં શંકાસ્પદ તાવના કેસો ધ્યાને આવ્યા છે. જેના પગલે જિલ્લાના ૧૩ નાગરિકોનું અવસાન થયું હતું. આ શંકાસ્પદ પ્રથમ કેસ કચ્છ જિલ્લામાં તા.૪ સપ્ટેમ્બરના રોજ નોંધાયો હતો. ત્યારબાદ જિલ્લામાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરાઈ હતી.તેમણે જણાવ્યું કે, આરોગ્ય વિભાગની ૨૭ ટીમો યુદ્ધના ધોરણે 'હાઉસ ટુ હાઉસ સર્વે'નું કામ કરી ૩૧૮ ઘરો પૈકી ૨૨૩૪ લોકોનું આરોગ્ય લક્ષી સ્ક્રીનિંગ કર્યું હતું. જેમાં ૪૮ જેટલા શંકાસ્પદ તાવના કેસ મળી આવ્યા હતા. તાલુકામાં દરેક તાવના દર્દીઓનો મલેરિયા રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં બે દર્દીઓ ઝેરી મેલેરિયા પોઝિટિવ એક દર્દી ડેન્ગ્યુ પોઝિટિવ આવ્યો હતો. તંત્ર દ્વારા 'હાઉસ ટુ હાઉસ' દરમ્યાન એન્ટી લારવલ એક્ટિવિટી તેમજ ૧૯૫૫ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાની એપીડેમિક અને વેક્ટર બ્રોન વિભાગની ટીમ. મેડિકલ કોલેજ અદાણી અને પીડીયુ મેડિકલ કોલેજ રાજકોટની રેપીડ રિપોન્સ ટીમ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મરણ પામેલ અને આજુબાજુના ઘરોની મુલાકાતમાં શંકાસ્પદ તાવના દર્દીઓના વધુ તપાસ માટે લોહીના અને ગળા/નાકના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ગતરોજ રાજકોટ અને અદાણી મેડિકલ કોલેજની ટીમ દ્વારા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી, કચ્છ સાથે થયેલ કામગીરીની અને વધુ કાર્યવાહી કરવા માટે બેઠક કરવામાં આવી હતી. અદાણી મેડિકલ કોલેજની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા કરેલ ઈન્વેસ્ટિગેશન કેસોનું બ્લડ સેમ્પલ. સિઝનલ ફલુ, કોવિડ-૧૯ અને બ્લડ સીરમ સેમ્પલ લેવામાં આવ્યું હતું. જેમાં ૧૧ દર્દી પૈકી એક દર્દી સિઝનલ ફલુ (H3N2) પોઝિટિવ આવ્યો હતો. તેમજ તમામ ૧૧ સેમ્પલ કોવિડ-૧૯ નેગેટિવ આવ્યા હતા. જે સેમ્પલ મેડિકલ કોલેજ રાજકોટ, ICMR NIV Pune ખાતે વધુ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. ગામોની શાળાઓમાં મેડિકલ ઓફિસરની ટીમો દ્વારા વિઝીટ કરવામાં આવી રહી છે. અસરગ્રસ્ત ગામોમાં મેડિકલ ઓફિસની ટીમ દ્વારા ઓપીડી શરૂ કરી દેવામાં આવી છે. મેડિકલ ઓફિસર, આરબીએસકે મેડિકલ ઓફિસર, આયુષ મેડિકલ ઓફિસર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર અને અન્ય પેરામેડિકલ સ્ટાફની ટીમ દ્વારા સઘન સર્વલન્સની કામગીરી યુદ્ધના ધોરણે કાર્યરત છે.

# ગાંધીનગરમાં તા.૧૬મીએ યોજાનાર ગ્લોબલ રિ-ઈન્વેસ્ટ મીટનો વડાપ્રધાન કરાવશે પ્રારંભ

### ત્રણ દિવસીય સમિટમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓ તથા મંત્રીઓ ભાગ લેશે



ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે, મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે આગામી તા. ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં રોકાણને આકર્ષવા માટે "GLOBAL REINVEST MEET- 2024" યોજાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ આ ઈન્વેસ્ટર્સ સમિટનો આરંભ કરાવશે. જ્યારે, તા.૧૮ સપ્ટેમ્બરના રોજ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે. વર્ષ ૨૦૧૪માં ભારતની રિન્યુએબલ એનર્જી ક્ષમતા માત્ર ૭૬ ગીગા વોટ હતી, જે આજે વધીને ૨૦૩ ગીગા વોટ સુધી પહોંચી છે. વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની રિન્યુએબલ એનર્જી ક્ષમતાને ૫૦૦ ગીગા વોટ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. જેના માટે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ભારતને આશરે રૂા. ૩૦ લાખ કરોડના રોકાણની જરૂરિયાત છે. ત્યારે ઈન્વેસ્ટર્સને આકર્ષવામાં અને REINVEST -2024 મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, તેમ જણાવતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે પ્રથમવાર આ સમિટ દિલ્હીથી બહાર, ગુજરાતમાં યોજાઈ રહી છે. રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાત સરકારની સરાહનીય કામગીરીને પગલે, REINVESTના ચોથા સંસ્કરણના આયોજન માટે ગુજરાત શ્રેષ્ઠ વિકલ્પ છે. ત્રિદિવસીય આ સમિટ દરમ્યાન વિવિધ વિષયો ઉપર ૪૦થી વધુ સેશન યોજાશે. સાથે જ, સ્ટાર્ટઅપ અને મહિલાલક્ષી વિશેષ સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટમાં ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, જર્મની, નોર્વે, સિંગાપોર, અમેરિકા, ઓમાન સહિત અનેક દેશના ડેલીગેશન ભાગ લેશે. કેટલાક દેશના ડેલીગેશન સાથે મંત્રીઓ પણ ગુજરાત આવશે. તદુપરાંત વિવિધ રાજ્યોના મુખ્યમંત્રી, મંત્રી સહિતના ડેલીગેશન, વિવિધ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટ, બેંકો, મેન્યુફેકચરર પણ આ સમિટમાં સહભાગી થશે, સમિટમાં એકઝિબિશનનું પણ આયોજન કરાયું છે. સાથે જ, B2B, B2G y™u G2G મીટિંગ પણ યોજાશે.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સનદ આપવાનો ઈન્કાર કરવામાં આવતા ૩૦ ઉમેદવારોએ હાઈકોર્ટમાં કરી પિટિશન

અમદાવાદ,તા.૧૧

લો કોલેજ તરીકે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની કાયદેસર માન્યતા નહી મળવાના કારણે લો ગ્રેજયુએટ થયા બાદ વકીલાત કરવા માટે સનદ મેળવવા માટે ઉમેદવારો દ્વારા અરજી કર્યા બાદ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ઈનકાર કરવામાં આવતા મામલો ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યો છે. અમદાવાદની મોતીલાલ નહેરૂ લોર કોલેજમાં વર્ષ ૨૦૨૧નાં અભ્યાસ કરીને ત્રણ વર્ષનો એલએલબીનો કોર્ષ પૂર્ણ કરનાર ઉમેદવારોએ ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી કરી પ્રોવીઝનલ સનદ મેળવવા દાદ માંગતા જસ્ટિસ સંગીતા વિશેણે રાજયના કાયદા સચિવ, ગુજરાત યુનિવર્સિટી, બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત, મોતીલાલ નેહરૂ લો કોલેજનાર પ્રિન્સીપાલ વિરૂધ્ધ નોટિસ જારધ્ કરી તેઓનો જવાબ માંગ્યો છે. આ મામલે વધુ સુનાવણી આગામી તા. ૧૭ ની નાં રોજ હાથ ધરવામાં આવશે. બીજીબાજુ જાણકાર સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ, બીસીઆઈની માન્યતાના અભાવે પ્રોવીઝનલ સનદ માટે અટવાઈ હોય તેવી એક હજાર જેટલી અરજીઓ ગુજરાત બાર કાઉન્સીલ સમક્ષ પડતર છે. ઉલ્લેખનીય છે કે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા માન્યતા નહિ મળી હોવાથી આ વર્ષે વિદ્યાર્થીઓનો પ્રવેશ અટકી જતા ૨૪ અનુદાનિત કોલેજો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજીઓ કરવામાં આવી છે તેની સુનાવણી પડતર છે. ત્યારે ઉમેદવારો દ્વારા આવી અરજી કરવામાં આવી છે. અગાઉ શહેરની દોલતભાઈ ત્રિવેદી લો કોલેજના વિદ્યાર્થીઓ તરફથી કરાયેલી રિટ અરજી કરાઈ હતી. પ્રસ્તુત પિટિશનમાં રજૂઆત કરાઈ હતી કે, અરજદાર વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી મોતીલાલ નહેરૂ લોર કોલેજમાં વર્ષ ૨૦૨૧માં ત્રણ વર્ષનો લો કોર્સમાં પ્રવેશ મેળવીને ચાલુ વર્ષે ગ્રેજયુએશન પૂર્ણ કર્યુ હતુ. અરજદારોએ ત્રણ વર્ષનો એલએલબીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગુજરાત બાર કાઉન્સીલમાં પ્રોવીઝનલ સનદ માટે એપ્લાય કર્યુ પરંતુ તેઓને પ્રોવીઝનલ સનદ પૂરી પાડવામાં આવી નહી ત્યારે અરજદારોને જાણ થઈ કે, તેઓની કોલેજ વાસ્તવમાં લો કોલેજ તરીકે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની માન્યતા મેળવવાની હોય પરંતુ આ કોલેજે બીસીઆઈની માન્યતા મેળવી જ નથી કે, તે માટેની જરૂરી ફી પણ ભરી નથી. હવે બીસીઆઈની માન્યતાના અભાવે અરજદાર વિદ્યાર્થીઓની પ્રોવીઝનલ સનદ અટવાઈ છે. પ્રોવીઝનલ સનદ વિના અરજદારો વકીલાતની કામચલાઉ પ્રેકટીસ કે અનુભવ મેળવી શકે તેવી કફોડી સ્થિતિ બની છે ત્યારે હાઈકોર્ટે અરજદારોને પ્રોવીઝનલ સનદ પ્રાપ્ત થાય તે માટે સબધિત સત્તાવાળાઓને હુકમ કરવો જોઈએ. અરજદારપક્ષની રજૂઆત ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે રાજયના કાયદા સચિવ, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ, બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત, લો કોલેજના પ્રિન્સીપાલ વિરૃધ્ધ નોટિસ જારી કરી તેઓની પાસેથી જવાબ માંગ્યો હતો અને કેસની સુનાવણી આગામી મહિનામાં રાખી હતી.

# ૧૬ વંદે ભારત ટ્રેનો શરૂ થવામાં વિલંબ શા માટે થઈ રહ્યો છે

## સિગ્નલની સમસ્યાઓ અને રૂટનો અભાવ એ મોદી સરકારની મુખ્ય રેલવે પહેલની મુશ્કેલીઓમાં મોટો વધારો કરે છે

નવી દિલ્હી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ વંદે ભારત ટ્રેનોનું ઉદ્દ્ઘાટન કર્યું હતું અને હજુ ઉદ્દ્ઘાટનની રાહ જોઈ રહેલી આવી ટ્રેનોની સંખ્યા વધી રહી છે. ૧૬ વંદે ભારત ટ્રેન, જેમાં આઠ કોચ છે, તે દેશભરના રેલવે યાર્ડમાં પાર્ક કરવામાં આવી છે, જેના ઉદ્દ્ઘાટનની રાહ જોવાઈ રહી છે. વધારાના પાંચ રેક સ્ટેન્ડબાય ઉપર છે. આ વર્ષે ઓગસ્ટમાં ચેન્નાઈ ખાતે ઈન્ટીગ્રેટેડ કોચ ફેક્ટરી દર મહિને બે વંદે ભારત ટ્રેનો બહાર પડી રહી છે. રેલવે મંત્રાલયના સૂત્રોના જણાવ્યા મુજબ આ ટ્રેનોને ચલાવવા માટે કોઈ રૂટ ઉપલબ્ધ નથી. સામાન્ય રીતે વંદે ભારત ટ્રેનો ચેર કાર છે જેનો અર્થ છે કે, તે માત્ર ટૂંકા રૂટ ઉપર જ ચલાવી શકાય છે જે આઠ કલાકના એક માર્ગે આવરી લે છે. વંદે ભારત ટ્રેનોની મર્યાદા છે કારણ કે, તે મધ્યરાત્રિ પછી ચાલી શકતી નથી. ટ્રેને રાઉન્ડ ટ્રીપ પૂર્ણ કરવી પડશે અને મધ્યરાત્રિ સુધીમાં મૂળ સ્ટેશન ઉપર પાછા આવવું પડશે, કારણ કે, તેની જાળવણી માટે છ કલાકનો વિરામ જરૂરી છે, આ કારણે આ ચેર કાર ટ્રેનો માટે માત્ર ટૂંકા રૂટ પસંદ કરવામાં આવે છે. જ્યારે વડાપ્રધાને ૩૧ ઓગસ્ટના રોજ બીજા રૂટનું ઉદ્દ્ઘાટન કર્યું ત્યારે અધિકારીઓએ તેની પાછળના તર્ક ઉપર સવાલ ઊઠાવ્યા હતા. લખનૌથી મેરઠ રૂટ ઉપર પહેલેથી જ બે વંદે ભારત ટ્રેન છે. એક લખનૌ થઈને અયોધ્યા જાય છે. મેરઠ મુખ્ય પેસેન્જર હબ નથી અને દિલ્હીથી આવતી હાલની ટ્રેનો પૂરતી છે. આ ટ્રેનો તેની ક્ષમતા પ્રમાણે ચાલી રહી છે કે નહીં તે અંગે કોઈ વિચારણા કરવામાં આવી રહી નથી. મોટાભાગના સપ્તાહના દિવસોમાં મુસાફરોનો ભાર ઓછો હોય છે. અત્યાર સુધીમાં ૫૪ વંદે ભારત ટ્રેનો કાર્યરત છે, જેમાંથી કેટલીકનું ઉદ્દ્ઘાટન લોકસભાની ચૂંટણી પહેલાં કરવામાં આવ્યું હતું. તેમાં રોકાયેલી મૂડી રૂા.૮૦૦ કરોડથી વધુ છે. આઈસીએફમાં આઠ કાર રેક માટે ઉત્પાદન ખર્ચ લગભગ રૂા.૫૨ કરોડ છે. આ ટ્રેનો માટે ટૂંકા રૂટનો અભાવ છે. સ્લીપર કોચની વાત કરીએ તો જ્યારે રેલવે મંત્રાલયે પ્રોટોટાઈપના પ્રભાવશાળી વીડિયો શેર કર્યા છે જે આગામી ત્રણ મહિનામાં તૈયાર થઈ જશે. આ ઉત્પાદન માટેની લક્ષ્યાંક તારીખ ૨૦૨૫ છે અને પ્રથમ વંદે ભારત સ્લીપર રેક શરૂ થાય તે પહેલાં કેટલાક મહિનાઓ સુધી પરીક્ષણ કરવામાં આવશે. નિષ્ણાતો વંદે ભારત ટ્રેનોની ઝડપ ઉપર પણ સવાલ ઊઠાવી રહ્યા છે. આ ટ્રેનોને ટ્રેક પર ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, જેમાંથી મોટાભાગની માત્ર ૧૧૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપ માટે ડિઝાઈન કરવામાં આવી છે. 110 kmphની સિગ્નલિંગ સિસ્ટમને ડિસ્ટન્ટ સિગ્નલ કહેવામાં આવે છે અને તે 130 kmphની ઝડપે ટ્રેન ચલાવવા માટે જરૂરી એવા ડબલ ડિસ્ટન્ટ સિગ્નલથી અલગ છે. જ્યારે ટ્રેક ઉપર માત્ર આવા સિગ્નલ હોય તો ટ્રેન 130 kmphની ઝડપે કેવી રીતે દોડી શકે? ડબલ ડિસ્ટન્ટ સિગ્નલ હોમ સિગ્નલથી લગભગ બે કિલોમીટરના અંતરે સ્થિત છે અને ૧૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે મુસાફરી કરતા ડ્રાઈવરને પ્રતિક્રિયા આપવા અને આગળ વધવું કે બ્રેક મારવી તે નક્કી કરવા માટે પૂરતો ટાઈમ આપે છે. ઉદાહરણ તરીકે જો કોઈ ટ્રેનને કોઈ સ્ટેશન ઉપરથી પસાર થવાની હોય તો ડબલ ડિસ્ટન્ટ સિગ્નલ ગ્રીન હશે. દૂરનો સિગ્નલ પીળો થઈ જાય છે જેથી ટ્રેનને મૂળ સિગ્નલ ઉપર રોકવા માટે સાવધાન કરવામાં આવે જે સ્ટેશનની બરાબર સ્થિત હોય છે. આ રીતે એક જ દૂરનો સિગ્નલ ડ્રાઈવરને પ્રતિક્રિયા સમય આપતો નથી જેનો અર્થ છે કે, ટ્રેન ૧૧૦ કિ.મી. પ્રતિ કલાકથી વધુ ઝડપે મુસાફરી કરી શકતી નથી. પ્રારંભિક ટ્રેનોની ઝડપ ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની હતી પરંતુ આ વર્ષે જૂનમાં કાંચનજંગા એક્સપ્રેસ અકસ્માતને પગલે તે ઘટીને ૧૩૦ કિ.મી. પ્રતિ કલાક થઈ ગઈ હતી. પરંતુ નિષ્ણાતો કહે છે કે, 130 kmph પણ અતિશયોક્તિપૂર્ણ છે. વંદે ભારત ટ્રેનની સરેરાશ સ્પીડ 70-80 kmph છે જ્યારે અન્ય ટ્રેનો કે જે સમાન સ્પીડ લિમિટ માટે ડિઝાઈન કરવામાં આવી છે તેની સરેરાશ સ્પીડ 60 kmph છે. વધુમાં ઘણા ટ્રેક ખરાબ હાલતમાં છે અને તેને અપગ્રેડ કરવા માટે વધુ રોકાણની જરૂર છે. અધિકારીઓ નિર્દેશ કરે છે કે, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા કે ટ્રેકમાં રોકાણ કરવાને બદલે સરકાર રેલવે સ્ટેશનોને અપગ્રેડ કરી રહી છે, વધુ નફો અને વળતરના દરમાં ઘટાડો કરી રહી છે. જ્યારે ચેન્નાઈ-નાગરકોઈલ રૂટના ટ્રેક સારી સ્થિતિમાં છે, ત્યારે મદુરાઈ-બેંગ્લુરૂ અને મેરઠ-લખનૌ રૂટ એક પડકાર હશે. આ ચિંતાઓ અંગે ધ વાયરે રેલવેને પત્ર લખ્યો છે. જો પ્રતિભાવ આવશે તો આ રિપોર્ટ અપડેટ કરવામાં આવશે.

## બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ માટે ભારતીય ટીમની જાહેરાત

નવી દિલ્હી, તા.૧૧

બીસીસીઆઈએ બાંગ્લાદેશ વિરૂધ્ધ પ્રથમ ટેસ્ટ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ટેસ્ટ સિરીઝ ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થશે. પ્રથમ ટેસ્ટ ચેન્નાઈ અને બીજી ટેસ્ટ બેંગ્લોરમાં રમાશે. બીસીસીઆઈએ ૧૮ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. સ્ટાર વિકેટકિપર બેટ્સમેન રિષભ પંતનું ૨૧ મહિના બાદ ટેસ્ટ ટીમમાં પુનરાગમન થયું છે. પંતે છેલ્લી ટેસ્ટ ડિસેમ્બર ૨૦૨૨માં બાંગ્લાદેશ સામે જ રમી હતી. કે.એલ. રાહુલ પણ સૌથી લાંબા ફોર્મેટમાં પરત ફર્યો છે. તેણે અંતિમ ટેસ્ટ આ વર્ષે જાન્યુઆરીમાં ઈંગ્લેન્ડ વિરૂધ્ધ રમી હતી. ઝડપી બોલર યશ દયાલનું નસીબ ચમક્યું છે તેની પહેલીવાર પસંદગી થઈ છે. વિરાટ કોહલીનું પણ ટેસ્ટ ટીમમાં પુનરાગમન થયું છે. જે આ વર્ષની શરૂઆતમાં ઘરેલુ મેદાન ઉપર ઈંગ્લેન્ડ વિરૂધ્ધ રમાયેલ પાંચ ટેસ્ટ મેચોની સિરીઝમાં રમી શક્યો ન હતો. જો કે, ઝડપી બોલર મોહમ્મદ શમી સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યો છે. ઓલરાઉન્ડર આકાશ દીપ ઉપર પસંદગીકારોએ વિશ્વાસ જાળવી રાખ્યો છે. તેણે ફેબ્રુઆરીમાં ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. ભારત અને બાંગ્લાદેશે અત્યાર સુધી ૧૩ ટેસ્ટ મેચ રમી છે. જેમાંથી ૧૧મા ભારતનો વિજય થયો છે. જ્યારે બે મેચ ડ્રો થઈ છે. બેટ્સમેન સરફરાઝ ખાન અને વિકેટકિપર ધ્રુવ જુરેલ પણ ભારતીય ટીમનો હિસ્સો છે. બંનેએ ફેબ્રુઆરીમાં ઈંગ્લેન્ડ વિરૂધ્ધ ટેસ્ટ ડેબ્યુ કર્યું હતુંધ્ બુમરાહ લાંબા સમય બાદ ઊતરશે. ઝડપી બોલિંગ આક્રમણમાં તેનો સાથ મોહમ્મદ સિરાજ આપશે.

ભારતીય ટીમ :- રોહિત શર્મા (કપ્તાન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, કે.એલ. રાહુલ, સરફરાઝ ખાન, રિષભ પંત, ધ્રુવ જુરેલ, અશ્વિન, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, મો.સિરાજ, આકાશ દીપ, જસપ્રીત બુમરાહ, યશ દયાલ.

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગોંડલ તાલુકાના વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવણીને આવકારતું રાજકોટ જીલ્લા ભાજપ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની એનડીએ સરકાર દેશના સર્વોચ્ચ વિકાસ માટે અવિરત પ્રયત્નશીલ અને દેશના તમામ વર્ગના હિત અને રક્ષણ માટેની અડીખમ સરકારની દેશહિત માટે અને પ્રજાના વિકાસ માટે દેશના દરેક રાજ્ય માટે ચિંતિત હોય છે. આ અરસામાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી રાજકોટ જીલ્લા ભાજપના રાજકોટ જીલ્લાના વિકાસ તેમજ જુદી-જુદી પ્રજાઓની સમસ્યાઓ માટે રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ આ સંદર્ભમાં વારંવાર રજૂઆતો સમયાંતરે થતી રહેતી, આ માંગણીને ધ્યાનમાં રાખીને ગોંડલ નગરપાલિકા તેમજ ગોંડલ તાલુકાના માથાના દુઃખાવા સમાન રોડ-રસ્તા અને હાઈવે ઉપરની ટ્રાફિક સમસ્યાઓ અને તાલુકાની જનતાની સુખાકારી માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવતા ગોંડલ તાલુકામાં હર્ષની લાગણી ફેલાય છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા બે નવા ફોરલેન બ્રિજ માટે ૫૬.૮૪ કરોડ રૂપિયા, ગોંડલી નદી પર રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ જૂના બે બ્રિજના રિનોવેશન માટે રૂા. ૨૨.૩૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફલાયઓવર બ્રિજ હેઠળ ગોંડલમાં પાંજરાપોળ પાસે રૂા. ૨૮.૦૨ કરોડના ખર્ચે તથા ગવર્મેન્ટ હોસ્પિટલ ચોક પાસે રૂા. ૨૮.૮૨ કરોડના ખર્ચે આ બે બ્રિજ નિર્માણ પામશે.ગોંડલ શહેરમાં ગોંડલી નદી પર રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ સમયના બે બ્રિજ ઉપર ગોંડલ આસપાસના ગામો અને તાલુકાના વાહનોનો ખૂબ જ ટ્રાફિક રહેતો હતો. આ ૧૦૦ વર્ષ જૂના બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવતા તેના સ્થાને ડાયવર્ઝન માટે માત્ર એક જ માર્ગ નેશનલ હાઈવે ૨૭ ગોંડલથી સુરેશ્વર ચોકડી સુધીનો ઉપલબ્ધ છે. એટલું જ નહિ, ભારે વરસાદના સમયમાં વિયર કમ કોઝવે પરથી પાણી પસાર થતું હોવાથી આ રસ્તો પણ બંધ થઈ જાય છે અને તમામ વાહનોને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ આ સંદર્ભમાં આવેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે ગોંડલ નગરમાં બે નવા બ્રિજ બનાવવા માટે રૂા. ૫૬.૮૪ કરોડની રકમ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. આ બે નવા બ્રિજ નિર્માણ થવાથી ભાવનગર-આટકોટથી જૂનાગઢ જતા વાહનોને તેમજ ઘોઘાવદર મોવીયાથી જૂનાગઢ અને કોટડાથી જેતપુર-જૂનાગઢ જતા વાહનોને ફોરલેન બ્રિજની સુવિધા મળતી થશે. આ બે નવા બ્રિજ ઉપરાંત ગોંડલી નદી પરના રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ સમયના બે હયાત બ્રિજના રિસ્ટોરેશન માટે પણ ૨૨.૩૮ કરોડ રૂપિયાની ફાળવણીની મંજૂરી આપી છે. તદઅનુસાર, સેન્ટ્રલ ટોકીઝથી સરકારી દવાખાના સુધીના હયાત બ્રિજનુ રૂા.૧૭.૯૦ કરોડ રૂપિયા તેમજ પાંજરા પોળ પાસેના હાલના સરદાર બ્રિજનું ૪.૪૭ કરોડ રૂપિયાના ખર્ચે રીસ્ટોરેશનનું કામ હાથ ધરાશે. આ બન્ને બ્રિજ હળવા વાહનો એટલે કે, લાઈટ મોટર વ્હિકલ માટે ચાલુ રાખવામાં આવશે. ભારે વાહનો તથા શહેરમાં બાયપાસ ટ્રાફિક માટે નવા નિર્માણ થનારા બે બ્રિજનો ઉપયોગ વાહનચાલકો કરી શકશે. મુખ્યમંત્રીએ નગરો-શહેરોમાં લોકોના ઈઝ ઓફ લિવીંગમાં વધારો થાય સાથે-સાથે વડાપ્રધાનશ્રીએ આપેલા વિકાસ ભી વિરાસત ભી ના ધ્યેયને સાકાર કરી શકાય તેવા અભિગમથી ગોંડલમાં ૧૦૦ વર્ષથી વધુ સમયના બે બ્રિજના રિસ્ટોરેશન તથા બે નવા બ્રિજના નિર્માણની અનુમતિ આપી છે. ગોંડલની હાલની વસ્તીઆજુ બાજુના ગામો તથા તાલુકા જિલ્લાના બાયપાસ તેમજ શહેરના ટ્રાફિક સાથોસાથ આવનારા વર્ષોના વિકાસને ધ્યાનમાં લઈને આ બે નવા બ્રિજ ફોરલેન બનાવવાના દિશા નિર્દેશો પણ આપ્યા છે.

આ અંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા, ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજા, ગોંડલ શહેર, ગોંડલ તાલુકાના પ્રમુખ-મહામંત્રીઓ, ગોંડલ નગરપાલિકા, ગોંડલ તાલુકા પંચાયતના સભ્યો, ગોંડલ માર્કેટિંગ યાર્ડના હોદેદારો, સ્થાનિક કાર્યકર્તાઓ, તાલુકાના સરપંચો તેમજ વિવિધ સમાજ, સંગઠનના હોદેદારો, આગેવાનોમાં હર્ષની લાગણી ફેલાઈ અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવી આવકારેલ છે તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયાના ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવેલ છે.

# સોમનાથની પાવનકારી ભૂમિ ઉપર રાધાજી-દધિચીની વંદનીય યાદો

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૧

શ્રી રાધેના જન્મોત્સવ એટલે રાધાષ્ટમી આવા પુનિત દિવ્ય અવતારોની યાદો સોમનાથ તિર્થભૂમિમાં આજે પણ સચવાયેલી છે. સોમનાથના વેરાવળ ખાતે પ્રકાશ કોમ્પ્લેક્ષ રોડ ઉપર રાધાકૃષ્ણનું મંદિર આવેલું છે.

પ્રભાસના ઠાકોર મંદિરમાં ભાદરવા સુદ-૮ ના ખાસ રાધાજીને યાદ કરી ભગવાનની બપોરના બાર વાગ્યાની આરતી ઉતારવામાં આવે છે. અનો ફુલડોળ ફાગણ માસમાં મંદિરમાં રાધાજીના દર્શન શણગાર કરવામાં આવે છે. પ્રભાસમાં સિનેમા યુગનો જયારે દબદબો હતો ત્યારે 'રાધાજી'નો ઉલ્લેખ કરતા અનેક ફિલ્મી ગીતો લોકો ગાતા અને ધન્યતા અનુભવતા હતા. જેવા કે રાધા કે તુને બંસુરી બજાઈ, રાધાના બોલે ના બોલે રે..., મધુબનમેં રાધિકા નાચી રે..., નવરાત્રીમાં ગામના ચકલાઓમાં રાધાજી ઉલ્લેખવાળા ગરબા નરવા મધુર સાદે ગાઈ રાધાજીનું સ્મરણ કરતા હતા.

દધિચી જયંતિ વિષે જાણીએ તો પરોપકારી મહર્ષિ દધિચી કે જેમણે દેવલોકની રક્ષા કરવા માટે પોતાના શરીરના હાડકા હસ્તા મુખે અર્પિત કરી દીધા હતા. તેઓની પણ એક માન્યતા અનુસાર આ સોમનાથ ભૂમિ સાથે યાદો જોડાયેલી છે. સોમનાથથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલ આદ્રી ગામમાં દધિચી ઋષીનો આશ્રમ આવેલો છે. કહેવાય છે કે, દધિચી ઋષીએ અહીં બાર હજાર વર્ષ તપ કર્યુ હતું.

આ જગ્યા સાથે વસ્ત્રાપુર નામના રાક્ષસના વધની કથા જોડાયેલી છે. દધિચી ઋષીએ અહીં ગુપ્ત ગંગા પ્રગટ કરી હતી તેવી માન્યતા છે. તો જૂનાગઢ જીલ્લાના માળીયા હાટીના તાલુકાના વિસણવેલ ગામ મહર્ષિ દધિચીની તપોભૂમિ હતી. જયાં દધિચી આશ્રમનું સ્થાન છે. જયાં આજે પણ પ્રાણનાથ મહાદેવ બિરાજમાન છે અને તે મંદિરના પરીસરમાં જ મહર્ષિ દધિચી ઋષીનું મંદિર આવેલું છે. વ્રજમી (મેઘલ) નદીને કિનારે આવેલ આ પૌરાણિક દિવ્ય મંદિર દર્શનીય છે.

# પી એન ગાડગિલ જ્વેલર્સ લિમિટેડનો આઈપીઓ ખુલ્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૧

પી.એન. ગાડગિલ જ્વેલર્સ લિમિટેડ ('Company')એ પોતાના આઈપીઓ (પ્રારંભિક જાહેર ભરણા)ને તા.૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ મંગળવારના ખોલવામાં આવેલ છે. બિડ-ઓફરની અંતિમ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪ ગુરૂવારની રહેશે. એંન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ બિડ પહેલાંના એક સક્રિય દિવસની છે. એન્કર ઓફર તા. ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ સોમવારે ખુલેલ છે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂા. ૪૫૬ પ્રતિ ઈક્વિટી શેરથી રૂા.૪૮૦ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરાયો છે. બિડ ઓછામાં ઓછા ૩૧ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૩૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.

કંપનીના આઈપીઓ (પ્રારંભિક જાહેર ભરણા)ની ઓફરમાં રૂા. ૮,૫૦૦ મિલિયન સુધીના દરેક એકંદરે રૂા. ૧૦ના ફેસ-વેલ્યૂના ઈક્વિટી શેરના નવા ઈશ્યુ તથા રૂા.૨,૫૦૦ મિલિયન સુધીના દરેક એકંદરે રૂા. ૧૦ની ફેસ-વેલ્યૂના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. કુલ ઓફરના કદમાં રૂા. ૧૦ની ફેસ-વેલ્યૂના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે, જે એકંદરે રૂા.૧૧,૦૦૦ મિલિયન સુધી હોય છે. વેચાણ માટેની ઓફરમાં SVG બિઝનેસ ટ્રસ્ટ (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર) દ્વારા રૂા.૨,૫૦૦ મિલિયન સુધીના દરેક રૂા. ૧૦ની ફેસ-વેલ્યૂના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે.

દરમિયાન, આ જાહેર ભરણા (IPO) દ્વારા એકત્ર કરાયેલી રકમનું ભંડોળ આ માટે વાપરવાની દરખાસ્ત છેઃ (૧) મહારાષ્ટ્રમાં નવા ૧૨ સ્ટોરની સ્થાપના માટેનો ખર્ચ, (૨) કંપની દ્વારા લેવામાં આવેલા ચોક્કસ ઋણ-ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી કરવી અથવા અગાઉથી એટલે કે, પૂર્વ ચુકવણી કરવી, અને (૩) સામાન્ય વ્યાપારી હેતુઓ માટે ખર્ચ કરવો.

આ ઓફ સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ-૧૯૫૭ના નિયમ ૧૯(૨)(b)ના સંદર્ભમાં કરવામાં આવી રહી છે, જેને SEBI ICDR રેગ્યુલેશન્સના નિયમન-૩૧ની સાથે વંચાણે લેવાય છે. આ ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશનના નિયમન ૬(૧) અનુસાર બુક-બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા હાથ ધરવામાં આવી રહી છે, જેમાં ૫૦ ટકાથી વદારે ઓફર-લાયકાત ધરાવતા સંસ્થાકીય ખરીદદારો ('QIBs')ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે નહીં) ('QIB'). જો કે, કંપની BRLMsની સાથે સલાહ-મસલત કરીને કંપની દ્વારા વિવેકાધીન ધોરણે એન્કર રોકાણકારોને QIB ભાગના ૬૦ ટકા સુધીની ફાળવણી કરી શકે છે. SEBI ICDR રેગ્યુલેશન્સ ('Anchor Investor Portion'), કે જેમાંથી એક તૃતીયાંશ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રહેશે. તે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ તરફથી એન્કર ઈન્વેસ્ટરોને ફાળવણી કરવામાં આવે છે તે કિંમતે અથવા તેનાથી વધારે કિંમતે માન્ય બિડ પ્રાપ્ત થશે (Anchor Investor Allocation Price). એન્કર ઈન્વેસ્ટર પોર્શનમાં સબસ્ક્રિપ્શન અંડર-સબસ્ક્રિપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં બેલેન્સ ઈક્વિટી શેર્સ QIB પોર્શન (એન્કર ઈન્વેસ્ટર પોર્શન સિવાય) ('નેટ QIB પોર્શન')માં ઉમેરવામાં આવશે.

# દ્વારકા જિલ્લામાં ગુજસીટોકના આરોપીઓ સામે પોલીસની કડક કાર્યવાહીઃ ડ્રોન ચેકિંગ તેમજ કોમ્બિંગ સર્ચ હાથ ધરાયું



જામ ખંભાળિયા, તા. ૧૧

દેવભૂમિ દ્વારકામાં થોડા સમય પૂર્વે બિચ્છુ ગેંગના સભ્યો સામે પોલીસ તંત્રએ કડક હાથે કાર્યવાહી કરી અને સરકારના આકરા એવા ગુજસીટોકના કાયદા અન્વયે આરોપીઓને ઝડપી લઈ, જેલ હવાને કરવાની કામગીરી કરવામાં આવી હતી. તે પૈકીના કેટલાક આરોપીઓ જામીન પર છૂટ્યા બાદ જિલ્લામાં પ્રવેશબંધીની શરતનું ઉલ્લંઘન કરી, અહીં આવી ગયા હોવાથી જિલ્લા પોલીસ દ્વારા આ શખ્સોને ઝડપી લઈ, કડક હાથે કામગીરી કરવામાં આવી હતી. આ સાથે વિવિધ પ્રકારે સર્ચ-કોમ્બિંગ કાર્યવાહી પણ કરાઈ હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ દ્વારકા તાલુકાના ખતુંબા, મેવાસા, ટોબર, મીઠાપુર, રંગાસર વિગેરે ગામોમાં પોલીસ અધિકારીઓ તેમજ તેમની ટીમ દ્વારા વ્યાપક પ્રમાણમાં સર્ચ ઓપરેશન તેમજ કોમ્બિંગ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં તાજેતરમાં ગુજસીટોકના ગુનામાંથી જામીન ઉપર છૂટીને બિચ્છુ ગેંગના કેટલાક આરોપીઓની હાલની ચાલ ચલગત અને હાજરી હોવાનું ધ્યાને આવ્યું હતું. આવા આરોપીઓને મદદ કરનારા કે આશરો આપનારા અથવા જિલ્લામાં પ્રવેશવામાં સગવડતા કરી આપનારા શખ્સો સામે ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ તેમજ સાગર રાઠોડ, એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ તેમજ તેમની ટીમ દ્વારા બારીકાઈથી તપાસ હાથ ધરવામાં આવી હતી.

જેમાં ડ્રોન જેવા આધુનિક સંસાધનોનો ઉપયોગ કરીને જુદા જુદા વિસ્તારમાં સર્ચ તેમજ કોમ્બિંગની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન આરોપીઓ તેમજ તેની સાથે સંબંધ ધરાવતા શખ્સોની ખરાઈ કરી અને તેઓના વાહન ડીટેઈન કરવામાં આવ્યા હતા તેમજ અટકાયતી પગલા પણ લેવામાં આવ્યા હતા.

હાઈકોર્ટ દ્વારા આરોપીઓને અપાયેલા શરતી જામીનનો ભંગ કરીને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોપીઓ પ્રવેશ્યા હોવાથી તેમજ અહીં વસવાટ કરતા હોવાથી તેઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ જામીન રદ કરવાની કામગીરી પણ પોલીસ અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી.

રઓખા મંડળમાં બિચ્છુ ગેંગ પુનઃ કાર્યરત ન થાય તે હેતુથી સ્થાનિક પી.આઈ. ટી.સી. પટેલ, ડી.એચ. ભટ્ટ, પી.એસ.આઈ. આર.એચ. સુવા વિગેરે દ્વારા બિચ્છુ ગેંગના સદસ્યો તેમજ તેઓના મળતિયાઓને ઝડપી લેવા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં માનસંગ ધાંધાભા સુમણીયા, રાયદેભા ટપુભા કેર અને નિરૂભા વાલાભા માણેક તેમજ અન્ય શખ્સો પોલીસને જોઈને ભાગવાનો પ્રયાસ કરતા કલ્યાણપુર પોલીસ સ્ટેશનની હર્ષદ ચેક પોસ્ટ ખાતે ફરજ પર રહેલા પી.એસ.આઈ. અને પોલીસ સ્ટાફ પર ક્રેટા કાર ચડાવવાની કોશિશ કરીને પોરબંદર તરફ નાસી છૂટ્યા બાદ આ આરોપીઓને પકડવા માટે પોરબંદર જિલ્લામાં નાકાબંધી કરાવવામાં આવી હતી.

જયાં પોરબંદર તાબેના મિયાણી મરીન પોલીસ સ્ટેશનની ચેક પોસ્ટ ખાતે પણ ઉપરોક્ત આરોપીઓએ પોલીસ ઉપર વાહન ચડાવવા અને બેરીકેટિંગ તોડવાની નોંધાયેલી ઘટના બાદ પોલીસ દ્વારા સઘન કોમ્બિંગ કરીને ક્રેટા વાહન સાથે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ઉપરોક્ત ગુનો કલ્યાણપુર તેમજ મિયાણી મરીન પોલીસ મથકમાં નોંધાતા પોલીસ દ્વારા આરોપીઓના ગુજસીટોકના મળેલા જામીન રદ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# શ્રી વિશ્વ શાંતિ નિર્મલ ધ્યાન કેન્દ્ર ટ્રસ્ટ દ્વારા ૫૩ મો નિઃશુલ્ક ભવ્ય દિવ્યાંગ કેમ્પ યોજાશે

જૂનાગઢ તા. ૧૧

શ્રી વિશ્વ શાંતિ નિર્મલ ધ્યાન કેન્દ્ર ટ્રસ્ટના ઉપક્રમે નરેશચંદ્ર જૈનની યાદમાં, શ્રીમતિ મૃદુલા જૈન તથા શ્રી ઓશો જૈન કાગજી પરિવાર, પ્રિત વિહાર, દિલ્હીના સહયોગથી તા.૬-૧૦-૨૪ ને રવિવારે સવારે ૯ કલાકે રામોશરણ દિગમ્બર જૈન મંદિર, રૂપાયતન રોડ, ગિરનાર તળેટી જૂનાગઢ ખાતે ૫૩ મો નિઃશુલ્ક ભવ્ય દિવ્યાંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં દિવ્યાંગોને કૃત્રિમ અંગ જેમાં હાથ, પગ, પોલીયોગ્રસ્ત બાળકોને કેલિપર્સ, ઓર્થોશૂઝ (બૂટ) તથા બહેરાશ ધરાવતા વડીલોને શ્રવણયંત્ર વગેરે પ્રદાન કરવામાં આવશે. આ સહાયક યંત્ર માપ લઈને દિલ્હી સ્થિત કાર્યશાળામાં બનાવીને ૨૬ ઓકટો.ના રોજ વિતરણ કરવામાં આવશે. તેના માટે આ કેમ્પમાં આવ્યા પહેલા પરિષદ દ્વારા નિર્ધારીત આવેદનપત્ર ભરીને ઉપરોકત સરનામે જમાં કરાવવાનું રહેશે. તેની સાથે પાસપોર્ટ સાઈઝના બે ફોટો, દિવ્યાંગ પ્રમાણપત્ર તથા આધાર કાર્ડની ઝેરોક્ષ જોડવાની રહેશે. આ અંગેની વધુ માહિતી માટે વિજયભાઈ (૭૦૬૯૦-૨૨૮૨૨)નો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# દેવભૂમિ દ્વારકામાં ગરીબ કલ્યાણ મેળાના આયોજન માટે ખંભાળિયામાં કલેકટર દ્વારા ખાસ બેઠક યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૧

દેવભૂમિ દ્વારકામાં જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો આગામી દિવસોમાં યોજાનાર છે. જેના સુચારૂ આયોજન માટે ખંભાળિયાની કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટર દ્વારા ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત વિવિધ વિભાગો દ્વારા આપવામાં આવનાર અલગ અલગ યોજનાકીય સહાય તેમજ મેળાના આયોજન અંગે પ્રાથમિક ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અધિક નિવાસી કલેકટર ભૂપેશ જોટાણીયા, ડેપ્યુટી ડી.ડી.ઓ. પૃથ્વીરાજસિંહ ગોહિલ, પ્રાંત અધિકારી કે.કે. કરમટા તેમજ દરેક વિભાગના જિલ્લાના અધિકારીઓ પ્રત્યક્ષ રીતે તેમજ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

## દ્વારકામાં સૌ પ્રથમ વાર

# ભડકેશ્વર મહાદેવ યોગ ગૃપ રાજ્યકક્ષાની માસ્ટર્સ એથલેટિક્સ સ્પર્ધામાં ઝળહળી ઊઠ્યું

## રાજ્યકક્ષાએ દ્વારકાના ૮ ખેલાડીઓએ ૧૭ મેડલ મેળવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૧

રાજ્યના માસ્ટર ખેલકૂદ મંડળ દ્વારા આયોજીત રાજ્ય કક્ષાની માસ્ટર્સ એથલેટિક્સ સ્પર્ધા નડીયાદ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે તા. ૭ અને ૮ સપ્ટેમ્બર રોજના યોજાઈ હતી. ૩૦ વર્ષથી ઉપરના અને ૯૦ વર્ષની ઉમરના ૩૭૫ જેટલા ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમા દેવભૂમિ દ્વારકાના સાત મહિલા અને એક પુરુષ ખેલાડી કુલ આઠ ખેલાડીઓએ દોડ, કુદ, ફેંકની જુદી જુદી રમતોમાં ભાગ લીધો હતો.




આ સ્પર્ધામાં ભારતીબેન ઠાકર ૩૦ કેટેગરીમાં લોંગ જમ્પમાં ગોલ્ડ મેડલ, ૧૦૦ મીટર હર્ડલ્સ ગોલ્ડ મેડલ, ૫૦૦૦ મીટર વોકમાં ગોલ્ડ મેડલ, રાધિકાબેન દવે ૩૦ માં હેમર થ્રો માં ગોલ્ડ મેડલ ભાલા ફેંકમાં ગોલ્ડ મેડલ, ચક્ર ફેંકમાં ગોલ્ડ મેડલ તેમજ દર્શનાબેન પાઢએ ૩૫ એઈજ ગ્રુપમાં હેમર થ્રો મા ગોલ્ડ મેડલ, ચક્ર ફેકમાં ગોલ્ડ મેડલ, ગોળા ફેંકમાં ગોલ્ડ મેડલ, જાગૃતિબેન ઠાકર ૩૫ એઈજ ગ્રુપમાં ચક્ર ફેકમાં સિલ્વર મેડલ, ગોળા ફેંકમાં સિલ્વર મેડલ, લોન્ગ જમ્પમાં સિલ્વર મેડલ, ભાવનાબેન માણેકએ ૪૦ એઈજ ગ્રુપમાં ભાલા ફેંકમાં બ્રોન્ઝ મેડલ, ગોળા ફેંકમાં બ્રોન્ઝ મેડલ, વર્ષાબેન દવે ૫૦ એઈજ ગ્રુપમાં ભાલા ફેંકમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. કવિતાબેન ઠાકરએ ૫૫ એઈજ ગ્રુપમાં ૧૦૦ મીટર હર્ડલ્સમાં બ્રોન્ઝ મેડલ, ધનજીભાઈ લુણાવિયાએ ૫૦ એઈજ ગ્રુપમાં ૧૦૦મીટર દોડમાં સિલ્વર મેડલ મેળવ્યા હતા.

આ તમામ આઠ ખેલાડીઓએ ૯ ગોલ્ડ મેડલ, ૪ સિલ્વર મેડલ, ૪ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૧૭ મેડલ મેળવીને દેવભૂમિ દ્વારકા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. દ્વારકાના ઈન્ટરનેશનલ સ્પોર્ટસમેન ભડકેશ્વર યોગ ગ્રુપના સંચાલક ચેતનભાઈ જીંદાણીએ છેલ્લા બે મહિનાથી ટ્રેનિંગ આપીને આ તમામ ખેલાડીઓની સફળતા માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.


# રાજકોટમાં બાપ્પાને ૬૦ લાખનો સોનાનો હાર અને ડાયમંડનો શણગાર

રાજકોટ,તા.૧૧


સમગ્ર દેશમાં ગણેશ ભગવાનની જોરશોરથી આરાધના થઈ રહી છે. ઠેર ઠેર પંડાલો જોવા મળી રહ્યાં છે. ત્યારે રાજકોટમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલા જે. કે. ચોક ખાતે ગણપતિ પંડાલની સજાવટ જોવા મળી રહી છે. અહીં એક ભક્ત દ્વારા અંદાજે રૂા. ૬૦ લાખની કિંમતનો સોનાનો હાર ગણપતિ દાદાને અર્પણ કરવામા આવ્યો છે. ગણપતિના બાજુબંધ સહિતમાં ડાયમંડનો અદભૂત શણગાર જોવા મળી રહયો છે. ગણપતિની આસપાસ લાઈવ ઉંદરો ફરતા હોય તેવો નજારો જોવા મળે છે.૧૦ દિવસનો રૂા.૩૫ લાખ જેટલો ખર્ચ અને અંદાજે રૂ. ૬૦ લાખનો સોનાનો હાર મળી અહીં રૂા. ૧ કરોડના ગણપતિ બાપ્પાની સ્થાપના કરાઈ છે.રાજકોટ શહેરના યુનિવર્સીટી રોડ પર જે કે ચોક ખાતે શિવશક્તિ યુવા ગ્રુપ દ્વારા આ વખતે ૧૫માં વર્ષે જે.કે. ચોક કા રાજા ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે વૈદિક થીમ સાથે ડેકોરેશન કરવામા આવ્યુ છે. આ મહોત્સવમાં ૫૦ ફૂટ આડો અને ૮૦ ફૂટ લાંબો એસી વાળો ડોમ તૈયાર કરાયો છે. ગણપતિ દાદાની ૯ ફૂટની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે અને મૂર્તિના ફરતે આખો દિવસ ૮ જેટલા સફેદ ઉંદર પ્રદક્ષિણા કરી રહ્યા છે.

આયોજક બલરાજસિંહ રાણાએ મીડિયાને જણાવ્યુ હતુ કે, જે. કે. ચોક ખાતે આ વખતે સતત ૧૫મા વર્ષે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલું છે. આ વખતે ગણપતિ દાદાનો ડાયમંડથી શણગાર કરવામાં આવેલો છે. એક ભક્ત દ્વારા અહીં ગણપતિ દાદાને ૮૦૦ ગ્રામ સોનાનો હાર પહેરાવવામાં આવેલો છે. દરરોજ અંદાજે ૫૦,૦૦૦ ભાવિકો દર્શનનો લાભ લે છે. ૧૭મીએ વિસર્જન યાત્રા નીકળશે. હનુમાન ધારા ખાતે ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામા આવશે.

# તહેવારોના ટાકણે વેપારીઓના ઓટલા તુટયા : ગેરકાયદેસર બાંધકામો અડીખમ !







## રસ્તાઓનું ખોદકામ બાદ ગઈકાલે ૧૦૦ થી વધુ દુકાનો-એપાર્ટમેન્ટના ઓટલા તોડી પડાતા તિવ્ર આક્રોશ

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરમાં ગેરકાયદેસર બાંધકામોનો ગાજેલો મુદ્દો હજુ યથાવત છે અને આ બાંધકામો તોડી પાડવા અંગેની કોઈ જ કાર્યવાહી અનેક ફરિયાદો કરવા છતાં પણ કરવામાં આવી નથી. એટલું જ નહીં ગુજરાતના મુખ્યમંત્રી સુધી અનેક રજુઆતો થઈ હોવા છતાં પણ આ બાબતે પરિણામ શૂન્ય આવેલ છે ત્યારે લોકોમાં આ અંગે ભારે ચર્ચાઓ ઉઠવા પામેલ છે. દરમ્યાન છેલ્લા ત્રણ દિવસમાં બનેલા બનાવમાં જૂનાગઢના હાર્દ સમાન માંગનાથ વિસ્તાર કે જયાં સંખ્યાબંધ દુકાનો આવેલી છે અને મુખ્ય બજાર ગણાય છે તેવા આ વિસ્તારમાં મનપા તંત્રએ તાજેતરમાં જ કાળવા ચોકથી સરસ્વતી સ્કુલ સુધીના રસ્તાનું ખોદકામ કરી નાંખ્યા બાદ ગઈકાલે આ વિસ્તારમાં દુકાનો તેમજ એપાર્ટમેન્ટના ઓટલા તોડી નાખવાનું કાર્ય પણ હાથ ધરતા જેને લઈને આ વિસ્તારમાં પ્રવેશવું અતિ કઠીન બની ગયું છે. અને મનપાની આ કામગીરી સામે વેપારી વર્તુળમાં તિવ્ર રોષ વ્યાપી ગયો હતો. એક તકે તો વેપારીઓએ બુલડોઝર નીચે સુઈ જવાની ચિમકી આપતા ૧૨ દિવસમાં કામગીરી પૂર્ણ કરી લેવાનું જણાવતાં આખરે મામલો થાળે પડયો હતો.

છેલ્લા ૩૬ કલાકમાં બનેલા આ બનાવને પગલે ફરી એકવાર શહેરીજનોમાં મનપાની આ કથીત કામગીરી સામે અનેક સવાલો ઉઠવા પામ્યા છે. એટલું જ નહીં જુદી-જુદી ચર્ચાઓ પણ ઉઠવા પામી છે. ગત વર્ષે ચોમાસામાં ભારે વરસાદને પગલે જુન માસમાં જ જૂનાગઢ શહેરમાં પુરની આફત ત્રાટકી હતી. અને જેના કારણે અનેક સોસાયટીઓમાં અને રહેણાક વિસ્તારોમાં પુરના પાણી ફરી વળ્યા હતા. અને ભારે તબાહીનું સ્વરૂપ જોવા મળ્યું હતું. પુરના પાણી ફરી વળવાના કારણરૂપ પાણીના વહેણને અવરોધતા એટલે કે, વોકળા ઉપર આડેધડ ઉભા કરી દેવાયેલા ગેરકાયદેસર બાંધકામોનો મુદ્દો જોરશોરથી ગાજ્યો હતો અને આ બાબતની રજુઆત અનેકવાર ગુજરાતના મુખ્યમંત્રી સુધી પહોંચી હતી. એટલું જ નહીં જૂનાગઢ ખાતે જ્યારે પણ મુખ્યમંત્રી આવ્યા ત્યારે જાહેરમાં પણ તેઓએ ગેરકાયદેસર બાંધકામોને એટલે કે, વોંકળા પરના દબાણો દુર કરવા સ્પષ્ટ જણાવ્યું હતું. પરંતુ નાના માણસોના ઝુંપડા તોડવા સિવાય સતાધિશોએ કોઈ કાર્ય કર્યું ન હતું. અને ત્યારબાદ થોડા સમય પહેલા જ જૂનાગઢમાં વોકળા પરના દબાણો દુર કરવા બાબતે સત્તાધિશોને અભિનંદન પણ સરકાર તરફથી આપ્યા હતા અને જેને લઈને પણ લોકોમાં ભારે આશ્ચર્ય સર્જાયું હતું.

અત્યારે વાત છે, ચોમાસાની સીઝનમાં ફરી એકવાર જૂનાગઢમાં ભારે વરસાદ થયા બાદ પરિસ્થિતિ અત્યંત વણસેલી છે. આવી સ્થિતિ વચ્ચે તહેવારોના દિવસોમાં લોકોને સારા રસ્તા કયારે મળશે ? તે પણ મોટો પ્રશ્ન છે તો બીજી તરફ જૂનાગઢમાં ગેરકાયદેસર બાંધકામોની એક કાંકરી પણ આજદિવસ સુધી ખરી નથી અને ફકત અને ફકત નોટિસો બજાવ્યા સિવાય કોઈ કામ સત્તાધિશોએ કર્યુ નથી. આગામી દિવસોમાં જ એટલે કે, ભાદરવા માસ પુરો થતા નવરાત્રીનો તહેવાર અને ત્યારબાદ દિવાળીના તહેવારોની શ્રૃંખલા શરૂ થવાની હોય અને જૂનાગઢ શહેરના વેપારીઓ આગામી તહેવારમાં સારી તેજી રહેશે તેવી ધારણા વચ્ચે તહેવારોને અનુલક્ષીને ચીજવસ્તુઓ મંગાવવામાં આવી રહી છે પરંતુ આવા તહેવારોના આગમન ટાંકણે જ જાણે ફરી એકવાર મનપાએ પોતાની મનમાની કરી હોય તેમ લાગી રહ્યું છે.

ત્રણ દિવસ પહેલા જૂનાગઢના હાર્દ વિસ્તાર એટલે કે માંગનાથ રોડ કે જ્યાં હટાણાનું મુખ્ય મથક છે અને જુદી-જુદી ચીજ વસ્તુઓનો વેપાર મોટાપાયે થાય છે તેવા આ વિસ્તારમાં કાળવાચોકથી સરસ્વતી સ્કુલ સુધી મનપા તંત્રએ રસ્તાઓ ખોદી નાખ્યા અને ગઈકાલે ૧૦૦ વધુ દુકાનો અને એપાર્ટમેન્ટના ઓટલા તોડી નાખતા આ વિસ્તારના વેપારીઓની મુંજવણનો પાર નથી રહ્યો. તહેવારોના દિવસોમાં સારો વેપાર થશે તેવી આશા ઉપર હાલ તો પાણી ફરી વળ્યું છે. વેપારીઓએ ભારે વિરોધ આ કામગીરીનો કરતાં એવું આશ્વાસન આપવામાં આવેલ છે કે, ૧૨ દિવસમાં તમામ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. આપણે આશ્વાસન લઈએ કે, જે પ્રમાણે વચન આપ્યું છે તે પ્રમાણે કામગીરી પૂર્ણ થાય અને વેપારીઓને નિરાંત ફરી વળે. બીજી તરફ અચાનક વિકાસના નામે માંગનાથ વિસ્તારમાં જે ખોદકામ કરી નાખવાના બનાવ બાદ શહેર ભરમાં ફરી એકવાર આ બાબતે સારી એવી ચર્ચા જગાવી છે એટલું જ નહીં મનપા દ્વારા અચાનક સુરાતન ચડી અને જે રીતે ધમધમતી બજારના રોડ અને ઓટલા તોડી નાખવામાં આવ્યા છે તેવી જ રીતે શહેરમાં અડીખમ રહેલા ગેરકાયદેસર બાંધકામોને તોડી પાડવા કયારે બુલડોઝર ફેરવશે ? તેવો પણ સવાલ આજે સળગતો ઉઠયો છે.

## બાંટવાના લૂંટ પ્રકરણના ફરિયાદીએ વેંચી નાખેલ ૨૦૦ ગ્રામ સોનાની રકમ રીકવરી કરાઈ

જુનાગઢ તા. ૧૧ :

જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના બાંટવાના પાજોદ નજીક થયેલી સનસનીખેજ લૂંટ પ્રકરણમાં ફરિયાદી જ આરોપી નીકળતા પોલીસે આ લૂંટ પ્રકરણનો ભેદ ઉકેલી નાખ્યા બાદ જીણવટભરી તપાસ હાથ ધરી છે. અને ગઈકાલે આરોપીના ૬ દિવસના રીમાન્ડ મેળવ્યા બાદ પોલીસે પુછપરછ કરતાં આ બનાવ બન્યા અગાઉ આરોપી યાજ્ઞિક જોષી તથા ધનરાજ ભાડગે અમદાવાદથી કલા ગોલ્ડ કંપનીના સોનાના દાગીના વહેચવા નીકળેલ તે પહેલા કલા ગોલ્ડ કંપનીના દાગીનામાંથી આશરે ૨૦૦ ગ્રામ જેટલા વજનના દાગીના યાજ્ઞિક જોષીએ શ્રીજી ટચ, માણોક ચોક અમદાવાદ ખાતે જવેલર્સ નામની દુકાને ઓગાળી નાખેલ જે ૨૦૦ ગ્રામ સોનાના દાગીનાના વેચાણથી મળેલ રકમ યાજ્ઞિક જોષી દ્વારા અલગ અલગ વ્યક્તિઓને આપી હતી. જે રોકડની રીકવરી પોલીસે કરી છે અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## કેશોદના બાલાગામેથી ૧૦ જુગારીઓ જુગાર રમતા ઝડપાયા : ૧ નાસી ગયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

કેશોદના બાલાગામે જાહેરમાં જુગાર રમતા ૧૦ જુગારીઓને કેશોદ પોલીસે ઝડપી લીધેલ જયારે ૧ પોલીસને જોઈ નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન બાલાગામમાં આવેલ સોલંકી શેરીમાં જાહેરમાં જુગાર રમતા ભોજાભાઈ નાજાભાઈ વાઢેર, મનસુખભાઈ દાનાભાઈ કાથડ, દિનેશભાઈ અમરાભાઈ વાઢેર, પરબતભાઈ કલાભાઈ માવદીયા, મનસુખભાઈ વશરામભાઈ વાઢેર, કાનજી ઉર્ફે કાનો વલ્લભભાઈ કુંભાણી, બાબુભાઈ ગોવીંદભાઈ ભેડા, જીવરાજભાઈ પરશોતમભાઈ ડાભી, મોહનભાઈ રાજાભાઈ સોલંકી, નવનીતભાઈ રાણાભાઈ ચુડાસમાને ૧૪૯૦ રોકડ સહિત ૬ મોબાઈલ મળી કુલ ૫૩૪૯૦ના મુદામાલ સાથે ઝડપી લીધેલ જયારે માલદે પરબતભાઈ ગરેજા પોલીસને જોઈ નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા ૧૨ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ઓડેદરાએ હાથ ધરી છે.

## વંથલી પોલીસે ટીનમસ ગામેથી ૮ને જુગાર રમતા ઝડપ્યા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

વંથલી પોલીસે ટીનમસ ગામેથી જાહેરમાં જુગાર રમતા ૮ શખ્સોને ૪૪૧૫૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ ટીનમસ ગામે જાહેરમાં જુગાર રમતા હસનભાઈ કાસમભાઈ સીડા, રામભાઈ ઉકાભાઈ છૈયા, દિપકભાઈ ગીગાભાઈ ખાવડીયા, હુસેનભાઈ સીદીકભાઈ સીડા, સલીમભાઈ કાસમભાઈ શેખ, ભોજાભાઈ ઉકાભાઈ ખાવડીયા, જેસલભાઈ રણછોડભાઈ કીડીયા, એજાજભાઈ ઈબ્રાહીમભાઈ સીડાને ૧૩૬૫૦ રોકડ સહિત ૭ મોબાઈલ મળી કુલ ૩૦૫૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ વંથલી પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


:: શ્રીનાથજી યાત્રા સંઘ ::
રેલ્વેમાં ચંપારણ, જગ્ગન્નાથપુરી, કલકત્તા (સીટી દર્શન), ગંગા સાગર, કૌર્નાફ, ભુવનેશ્વર, સાક્ષિ ગોપાલ, ચંદ્ર ભાગાબીચ, ધવલગીરી હીલ, નવેમ્બર, ડીસેમ્બરનું રેલ્વે બુકીંગ ચાલુ છે
:: કોન્ટેક ::
સુરેશભાઈ મજીઠીયા
મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮
મો. ૯૪૨૮૬ ૯૯૭૬૩

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ડો. રશ્મિ પી. બાલચંદાણી B.A.M.S.
Mo. 74859 53500
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુ:ખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

શો-રૂમ લાયક દુકાન ભાડે / વેચવાની છે
પંચહાટડી - માંગનાથ રોડ ઉપર ફર્સ્ટ ફલોર, રોડ સાઈડ, (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કે. ફુટ દુકાન, જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શો-રૂમ લાયક દુકાન ભાડે / વેચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
‘‘સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે’’
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે
સ્પે. પંજાબી પફ મળશે
આઈસ કેકનાં
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨